**સુવિચાર**

સેવા કરીશ તો આનંદ પ્રાપ્ત થશે એમ નહી,
પણ આનંદમાં રહું છું એટલે સેવા કરતો રહું છું.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૮/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ અ.શ્રાવણ વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૯૭







## રાજય સરકાર દ્વારા ૧ ઓગષ્ટથી ૭ ઓગષ્ટ સુધી નારી વંદના ઉત્સવ શરૂ

# અમરેલી જિલ્લાનાં વિધાર્થીઓ સાથે "કોફી વીથ કલેકટર" કાર્યક્રમ યોજાયા

**વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા મેળવવા માટે સાતત્ય કેળવવાનું મહત્વ સમજાવતાં કલેકટર**

**રમતગમત, શિક્ષણ, કલા સહિતનાં ક્ષેત્રે સફળતા મેળવનાર વિદ્યાર્થીનીઓ સાથે કાર્યક્રમ યોજાયો**

**કલેકટરે વિદ્યાર્થીઓની અસાધારણ સફળતાને બિરદાવી અને અનુભવો જાણ્યા હતા**

**કલેકટર અજય દહિયાએ સફળ વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કર્યા**



અમરેલી, તા. ૨

ગુજરાત રાજય સરકાર દ્વારા તા. ૧ ઓગષ્ટ થી તા. ૭ ઓગષ્ટ, ૨૦૨૩ સુધી સમગ્ર રાજયમાં નારી વંદન ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા બુધવારે 'બેટી બચાવો પેટી પઢાવો' દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં રમત ગમત, શિક્ષણ, કલા સહિતના ક્ષેત્રે સફળતા મેળવનાર વિદ્યાર્થીનીઓનો, અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાની પ્રેરક ઉપસ્થિતિમાં 'કોફી વીથ કલેકટર' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરે વિદ્યાર્થીઓની અસાધારણ સફળતાને બિરદાવી તેમના અનુભવો જાણ્યા હતા. આ સાથે વિદ્યાર્થીનીઓને પરીક્ષા, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સરકારી સેવા, વિજ્ઞાન, સમાજ સહિતના વિવિધ વિષયો પરના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા.

વિદ્યાર્થીનીઓને સંબોધતા જિલ્લા કલેકટરે જણાવ્યુ હતુ કે,

**અનુસંધાન પાના ૬ ઉપર**

## રાજકોટ ખાતે સારવાર દરમિયાન મોતને ભેટયા

# અમરેલી જિલ્લાનાં એક ગ્રામ્ય વિસ્તારનાં આધેડનું કોંગો ફીવરથી શંકાસ્પદ મોત થયું

**મૃતકનાં સેમ્પલને પૂનાની લેબોરેટરીમાં મોકલાયા**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં એક આધેડનું શંકાસ્પદ મોત થતાં તેમના રીપોર્ટ પૂના મોકલવામાં આવેલ હોય. આ આધેડનું કોંગો ફીવરનો શંકાસ્પદ કેસ હોવાનું પ્રાથમિક તારણ જોવા મળી રહ્યું છે. જો કે રીપોર્ટ આવ્યાનો બાકી હોય તે શંકાસ્પદ દર્દી તરીકે જોવાય રહ્યું છે.

લીલીયા તાલુકાનાં એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક આધેડને તાવની બીમારી હોય જેથી તેમને અમરેલીનાં એક ખાનગી દવાખાને દાખલ કરવામાં આવ્યા બાદ આ દર્દીને તમામ પ્રકારનાં રીપોર્ટ કરાવવા છતાં પણ બીમારી અંગે કોઈ ચોકકસ તારણ નહી નીકળતા અને દર્દીને સારૂ નહી થતાં આ દર્દીને વધુ સારવાર માટે રાજકોટ દવાખાને ખસેડાયેલ જયાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

આધેડનાં મોત અંગેનું સચોટ કારણ કરવા માટે થઈ તેમનાં સેમ્પલ પૂના ખાતે મોકલવામાં આવ્યા છે. જયારે આ રીપોર્ટ આવ્યા બાદ આ આધેડનાં મોત અંગે ચોકકસ તારણ જાણી શકાશે.


**બાબરા**
**ઇમલો વેચવાનો છે**

શ્રી ચંદુભાઈ તેજુરાના ડેલા તરીકે ઓળખાતા મકાનનો ઈમલો વેચવાનો છે.

**સંપર્ક : રાજુભાઈ ૯૮૨૫૩ ૮૬૩૩૩**



**કુતરૂ ખોવાયેલ છે**

તા. ૦૧/૦૮/૨૦૨૩નાં રોજ મોટી કુંકાવાવ ગામેથી
**ઓળખ** : લાલ કલર (દેશી કુતરી છે) આગળનો એક પગ નથી, કુલ ત્રણ પગ જ છે. જે કોઈને મળે અથવા, ધ્યાનમાં આવે, તો નીચેના મોબાઈલ પર સંપર્ક કરવો, માહિતી આપનારને યોગ્ય બદલો આપવામાં આવશે.

**લી. સોનલબેન વાળા મો.નં. ૮૩૨૦૯૧૦૬૩૩**


## લોકશાહી શાસન વ્યવસ્થામાં જનતા બિચારી બની ગઈ

# લ્યો બોલો : બાબરાનાં લુણકી ગામનાં તલાટી મંત્રીની કાર્યશૈલી સામે નારાજગી : બદલી કરવા માંગ થઈ

**સરપંચ અને તમામ સદસ્યોએ તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા



બાબરા, તા. ૨

બાબરા તાલુકાના લુણકી ગ્રામ પંચાયતના મંત્રીની અનિયમિતતા બાબતે અને પંચાયતના રેકોર્ડ સાથે રાખી કામ નહીં કરવાની બાબતે ગામના

**અનુસંધાન પાના ૬ ઉપર**






શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.

શીતલ ગાર્ડન પાર્લર
અટલ પાર્ક, કોલેજ ચોક પાસે, અમરેલી.

સમય : સવારે 10:00 થી રાત્રે 11:00 ઓફર : 30-8-23 સુધી માન્ય





**નારી**
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

**ડૉ. ચિરાગ કુબાવત** (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084

**ડૉ. ઉપાસના સી. કુબાવત** (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

ઉપલબ્ધ સુવિધાઓ...
- નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
- પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
- 3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI
- ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ઉપલબ્ધ સુવિધાઓ...
- રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સંબંધીત સમસ્યાઓ
- કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

ઓપીડી સમય
સોમવાર થી શનિવાર
સવારે ૯ થી ૨
સાંજે ૫ થી ૮

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



**નંદભુવન સોસાયટી**

ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે

સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે

સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"

તૈયાર કબ્જો

૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે

બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ▪ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

# વન વિભાગનાં સહયોગથી ''માહી ડેરી'' દ્વારા વૃક્ષારોપણ ઝુંબેશ શરૂ



વિશ્વમાં વધતા જતાં પ્રદૂષણને નાથવા અનેક સંસ્થાઓ દ્વારા વૃક્ષો વાવીને સામાજિક જવાબદારીનું પ્રેરણાત્મક કાર્ય કરવામાં આવી રહ્યું છે. સૌરાષ્ટ્ર–કચ્છનાં દૂધ ઉત્પાદકોની સંસ્થા–માહી ડેરી દ્વારા ગ્રીન ઈન્ડિયા કલીન ઈન્ડિયા અભિયાન અંતર્ગત સંસ્થાની વિવિધ જિલ્લાઓમાં આવેલી કચેરીઓ, બી.એમ.સી. કેન્દ્રો તેમજ ગ્રામ્ય કક્ષાએ આવેલ સંસ્થાનાં દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે રાજયનાં વન વિભાગનાં સહકારથી વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરી ૨૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. વિશ્વમાં એક તરફ જંગલો ઘટતા જાય છે અને બીજી તરફ ગ્લોબલ વોર્મિંગને કારણે પર્યાવરણને ભારે નુકસાન પહોંચી રહ્યું છે. લોકો વધુને વધુ વૃક્ષો વાવે અને તેનો ઉછેર કરે તે માટે સરકાર દ્વારા પણ બહોળો પ્રચાર–પ્રસાર કરી જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ત્યારે સામાજિક જવાબદારીનાં ભાગરૂપે સૌરાષ્ટ્ર–કચ્છનાં દૂધ ઉત્પાદકોની સંસ્થા–માહી ડેરી દ્વારા વન વિભાગનાં સહયોગથી સમગ્ર રાજયમાં વૃક્ષોનું વાવેતર કરી તેનો ઉછેર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તેનાં અનુસંધાને વિવિધ જિલ્લાઓમાં આવેલી સંસ્થાની કચેરીઓ, બી.એમ.સી. કેન્દ્રો અને દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે લીમડા, કરંજ, ગુલમહોર, બોરસલી, ઉમરો, ગરમાળો, વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં કર્મચારીઓ, સહાયકો અને સભાસદો દ્વારા મોરબી, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, કચ્છ, પોરબંદર, જામનગર,, જૂનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, વગેરે જિલ્લાઓમાં વૃક્ષોનું વાવેતર કર્યા બાદ તેનો ઉછેર કરી સમગ્ર વિસ્તારને લીલોછમ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે સંસ્થાનાં ચીફ એકઝીકયુટીવ ડો. સંજય ગોવાણીએ જણાવ્યું હતું કે, માહી ડેરી દ્વારા સામાજિક જવાબદારીનાં ભાગરૂપે સમગ્ર રાજયમાં વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ડેરીનાં કર્મચારીઓ, સહાયકો, દૂધ ઉત્પાદક સદસ્યો સૌના સાથ વડે આશરે ૨૫૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરીને તેનો ઉછેર કરવા અને તેનાં થકી રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વ નિભાવવા કાર્ય હાથ ધરાયું છે. જેમાં અમોને વન વિભાગનો સહકાર પણ મળ્યો છે.

### એડિશ્નલ સેશન્સ જજ વાય.એ. ભાવસારનો હુકમ

## અમરેલીનાં ચકચારી બળાત્કાર અને એટ્રોસીટીનાં કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો

**બચાવપક્ષે સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ**

અમરેલી, તા. ૨

રાજકીય ક્ષેત્રે પ્રતિષ્ઠા ધરાવતા એવા અમરેલીનાં ચકચારી બળાત્કાર તથા એટ્રોસીટીના કેસમાં રાજકીય આગેવાનો નિર્દોષ છુટકારો થયો છે.

સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને ધ્યાને લઈ અમરેલીના એડીશનલ સેશન્સ જજ વાય.એ.ભાવસાર દ્વારા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે.

વિગત એવી છે કે, આ કામનાં આરોપી ચંદુભાઈ પ્રેમજીભાઈ સંઘાણી કે જેઓ માળીલાનાં રહેવાસી છે. તેની સામે આ કામનાં ભોગ બનનારે તા.૨૫/૦૨/ ૨૦૨૦ નારોજ તેઓ પર બળાત્કાર કરવાનાં ઈરાદે તેમની ગાડીમાં બેસાડી લઈ જઈને તેની વાડીએ રાત્રીનાં સમયે ભોગ બનનારી ઈચ્છા વિરૂધ્ધ બળાત્કાર કરેલ હોવાની ફરિયાદ આ કામનાં ભોગ બનનારે આપેલ હતી, અને તે બાબતનો ગુન્હો જેતે સમયે અમરેલી તાલુકા પોલસ સ્ટેશનમાં નોંધાયેલો, આ કામનાં આરોપી રાજકીય આગેવાન હોય આ કેસ જે તે સમયે અમરેલી જિલ્લામાં બહુ ચર્ચાસ્પદ થયેલો હતો.



આ બનાવની વિગત જોવામાં આવે તો તા.૨૫/૨/૨૦૨૦ ના રોજ આ કામના ભોગ બનનાર પર બળજબરીથી બળાત્કાર કરવાનાં ઈરાદે તેમની ગાડીમાં બેસાડી લઈ જઈને તેની વાડીએ રાત્રીનાં સમયે ભોગ બનનારી ઈચ્છા વિરૂધ્ધ બળાત્કાર કરેલ હોવાની ફરીયાદ આ કામનાં ભોગ બનનારે આપેલ હતી. અને આ અંગેની ફરીયાદ આ કામનાં ભોગ બનનારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં લખાવતા પોલીસે ભારતીય દંડ સહિતની કલમ ૩૭૬(૧), ૩૬૫,૩૪૨,૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર) વિગેરે મુજબની ફરિયાદ નોંધેલી હતી, અને ત્યારબાદ પોલીસે આ કામે તપાસ કરી આ કામનાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળતા ઉપરોકત કલમો મુજબનું ચાર્જશીટ કરેલું. જે ચાર્જશીટમાં મેડીકલ તથા એફ.એસ.એલ.નાં પુરાવાઓ પણ સામેલ રાખવામા આવેલ હતા. આ કામે રાજકીય આગેવાનો તથા ગામનાં આગેવાનો દ્વારા અનેક પ્રયત્નો કરવા છતાં સમાધાન થયેલ નહી, જેથી પણ આ કેસ ખુબ ચર્ચાસ્પદ બનેલો.

આ કામે ચાર્જશીટ થયા પછી અમરેલીનાં એડીશનલ સેશન્સ જજ વાય.એ.ભાવસાર સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ, અને ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા મૌખીક એમ ઘણા પુરાવાઓ રજુ કરવામાં આવેલ અને તેમ છતાં આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીધ કરવામાં નિષ્ફળ જતા આ કામનાં આરોપી ચંદુભાઈ પ્રેમજીભાઈ સંઘાણીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તર્ફે અમરેલીનાં સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદી તથા એડવોકેટ સેજલ સાંગાણી તથા એડવોકેટ શોયેબ બિલખીયા રોકાયેલ હતા.

## અમરેલીની સિનીયર સોસાયટીનાં સેક્રેટરી કનુભાઈ જોષીનો આજે જન્મદિન

અમરેલી, તા. ૨



કનુભાઈ જોષી સેક્રેટરી સિનિયર સિટીઝન સોસાયટી અમરેલીનો આજે જન્મદિવસ છે. તેઓનો ૮૨ માં વર્ષમાં પ્રવેશ થાય છે. તેમનાં મિત્રો તથા વડીલોએ તેમનું જીવન આરોગ્યપ્રદ અને આનંદમયી રહે તેવી શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા છે. મો. ૯૪૨૮૭૯૫૨૭૪.

## બાબરકોટ પ્રાથમિક કેન્દ્ર દ્વારા ડેંગ્યુ માસની ઉજવણી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨

બાબરકોટ પ્રાથમિક કેન્દ્રના ગામોમાં ડેંગ્યૂ માસની ઉજવણી કરાય અમરેલી મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડોકટર આર.એમ.જોશી તેમજ જિલ્લા મેલેરિયા અધિકારી ડોકટર એ.કે. સિંગ, ડોકટર સાલવી, ડો. જાટ, તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ. બી. ટાંકના માર્ગદર્શન નીચે બાબરકોટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો.દક્ષાબેન મેવાડા, ડો.ઈલાબેન મોરી સુપરવાઈઝર હિતેશભાઈના માર્ગદર્શન નીચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ ગામોમાં એમપીએસડબલ્યુ, એફ એસ ડબલ્યુ તથા આશાબેન દ્વારા જુલાઈ માસ ડેંગ્યૂ માસ તરીકે ઉજવવામાં આવ્યો જે અંતર્ગત ઘણી પ્રવૃત્તિઓ કરવામાં આવેલ જેમાં હોમ ટૂ હોમ સર્વે, ડિસ્કાડ કન્ટેનર. આઈ ઈ શી. પ્રાથમિક શાળાના બાળકોને રાષ્ટ્રીય વાહકજન્ય રોગ વિશે સમજાવેલ. આ કામગીરી માં એમપીએસડબલ્યુ, એફ.એસ.ડબલ્યુ, આશાવર્કરબેનો દ્વારા કરવામાં આવી હતી.

### ગાવડકા માર્ગ પર આવેલ

## અમરેલીની શ્રીધર જાની આયુર્વેદિક હોસ્પિટલનાં કેમ્પસમાં આગ લાગી

**ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસે આગ પર કાબુ મેળવ્યો**

અમરેલી, તા. ૨

અમરેલીનાં ગાવડકા રોડ ઉપર આવેલ શ્રીધર અતુલ જાની આયુર્વેદિક હોસ્પિટલ એન્ડ કોલેજ કેમ્પસ ખાતે આગ લાગવાની ઘટના બનેલ.

જેના અનુસંધાને મેનેજમેન્ટ દ્વારા અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને ટેલીફોનિક જાણ કરતાની સાથે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની રેસ્કયુ તથા ફાયર ફાઈટિંગની ટીમ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી હતી અને ગણતરીના સમયની અંદર આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ ઘટના દરમિયાન બે લોકો રૂમની અંદર ફસાયા હોવાના મેસેજ મળતાની સાથે ફાયર રેસ્કયુટીમ દ્વારા રસા(દોરડા)નાં માધ્યમથી ફિલ્મી ઢબે સહી સલામત રીતે રેસ્કયુ કરીને આગમાં ફસાયેલા બંને લોકોને સહી સલામત રીતે નીચે ઉતારી અને ૧૦૮ની ટીમ દ્વારા હોસ્પિટલ ખાતે



ખસેડવામાં આવ્યાં હતાં. સાથે સાથે અમરેલી પોલીસ વિભાગની ટીમ પણ ઘટના સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર ઘટનાની અંદર સલામતી પૂરી પાડી હતી. સમગ્ર ઘટનાનાં અંતે ફાયર ઓફિસર એચ. સી. ગઢવી દ્વારા આ બનાવને મોકડ્રિલ જાહેર કરવામાં આવ્યો હતો.

### શિક્ષકો સહિત તમામ વ્યવસ્થા કરાશે

## દેવળીયા ગામની પ્રાથમિક શાળાનાં શિક્ષણને કોઈ આંચ આવશે નહી

**નાયબ દંડક કૌશિક વેકરિયાએ મુલાકાત લીધી**

અમરેલી, તા. ૨

દેવભૂમિ દેવળીયા ગામની પ્રાથમિક શાળાાં નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા ધ્વારા મુલાકાત કરી બાળકોનાં શિક્ષણ માટે ગંભીર નોંધ લઈ બે દિવસ પહેલા બદલી કરેલ શિક્ષકોની ખાલી જગ્યાઓ માટે વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાને લઈ જિલ્લા શિક્ષણ અધિકારીને તાત્કાલિક વ્યવસ્થા કરી શૈક્ષણિક કાર્યને અસર ન પહોંચે તેની કાળજી રાખી શિક્ષકોની વ્યવસ્થા કરવા સુચના આપી ઉમદા



કાર્ય કર્યુ હતું. આ બાબતે દેવભૂમિ દેવળીયા ગામ પરિવાર વતી ભાવનાબેન નાથાલાલ સુખડીયાએ આભાર માનેલ છે.

### ખાંભા નજીક આવેલ

## કોદીયા ગામે ખેડૂત યુવક ઉપર પડોશીએ છરી વડે હુમલો કર્યો

**અત્યારે આંટાફેરા શું કામ મારો છો ? તેમ કહેતા હુમલો કર્યો**

અમરેલી, તા. ૨

ખાંભા તાલુકાનાં કોદીયા ગામે રહેતા અને ખેતીકામ કરતાં રમેશભાઈ ગભાભાઈ સોલંકી નામનાં ૪૦ વર્ષિય ખેડૂત યુવક ગત તા. ૩૧નાં રોજ રાત્રે પોતે ભાગીયું રાખેલ ખેતરેથી પોતાના ઘરે આવેલ ત્યારે તેના ઘરની સામે ફળીયામાં તેજ ગામે રહેતા ધીરૂભાઈ હરજીભાઈ બારૈયા નામનાં ઈસમ આંટાફેરા મારતા હોય. જેથી આ ખેડૂત યુવકે તેમને પુછતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ ગાળો આપી છરી વડે છાતીનાં ભાગે હુમલો કરી ઈજા કર્યાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાઈ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# સા.કુંડલા ખાતે ''અમરત પિયાલા'' પુસ્તક વાંચન અભિયાનની અવિરત યાત્રા



સાવરકુંડલા ખાતે 'શબદ' ગૃપ દ્વારા અભિયાન શરૂ થયેલ અને નિયમિત રીતે મહિનાનાં બીજા અને ચોથા રવિવારે યોજાતાં 'અમરત પિયાલા' પુસ્તક વાંચન અભિયાનની શૃંખલા–૧૫ શ્રી વાટલિયા પ્રજાપતિ બોર્ડીંગમાં પુસ્તક પ્રેમીમિત્રો અને 'શબદ મિત્રો'નાં સમન્વયથી યોજાઈ હતી. શબદ મિત્ર અમિતભાઈ ચાવડા અને મનસુખભાઈ વાળાની જહેમતથી આ શૃંખલા સફળ રીતે યોજાઈ હતી. જેમાં સાવરકુંડલાનાં સાહિત્ય મિત્રો પાંધી, સંજયભાઈ પંડયા, વિનાયકભાઈ તેમજ જલ્પાબેન રાવળ, નિર્મલભાઈ ઠાકર, નિરવભાઈ સોલંકી વગેરેએ અમરત પિયાલાની મુલાકાત લીધી હતી. તારીખ ૨૮–૮–૨૦૨૨ મેઘાણી જયંતીથી શરૂ થયેલ આ અભિયાનને તારીખ ૨૮–૮–૨૦૨૩ મેઘાણી જયંતીના રોજ એક વર્ષ પૂરું થશે. આ અંગે શબદ મિત્ર અમિતભાઈ ચાવડા દ્વારા આગામી શૃંખલા ૧૬ નિમિત્તે 'સાહિત્ય ગોષ્ઠી' કાર્યક્રમ યોજવા વિશે વાત કરી હતી. એક વર્ષ દરમિયાન જેટલા પણ પુસ્તક પ્રેમીઓએ જે પણ પુસ્તકો વાંચ્યા છે. તેમને તથા સૌ સાહિત્ય પ્રેમીઓને આવતી શૃંખલામાં જોડાવા હાર્દિક નિમંત્રણ. આ કાર્યક્રમ નિયમિત યોજાતો રહેશે.

### બુધવારે શેરબજારમાં રોકાણકારો બરબાદ

# અમેરિકાનું રેટિંગ ડાઉનગ્રેડ થતાં ભારતીય શેરબજારમાં મોટો કડાકો, રોકાણકારોને ૩.૫૧ લાખ કરોડ રૂપિયાનું નુકસાન

## સેન્સેક્સમાં ૬૭૬, નિફ્ટીમાં ૨૦૭ પોઈન્ટનો ઘટાડો, ક્રેડિટ રેટિંગ એજન્સી ફિચે યુએસ ક્રેડિટ રેટિંગ એએએ થી ઘટાડીને એએ કરતા ભારત સહિત એશિયન-યુરોપિયન બજારોમાં ભારે કડાકો

મુંબઈ, તા.૨

ભારતીય શેર બજારમાં આજે બુધવારનો દિવસ બરબાદીનો દિવસ સાબિત થયો છે. આજે માર્કેટમાં જોરદાર કડાકો બોલ્યો છે. જેના કારણે રોકાણકારોની સંપ્તિતિમાં કરોડો રુપિયાનો ઘટાડો નોંધાયો છે. અમેરિકાના રેટિંગ ડાઉનગ્રેડની અસર વિશ્વભરના શેરબજારો પર જોવા મળી હતી. એશિયન અને યુરોપિયન બજારોમાં ભારે ઘટાડાથી ભારતીય શેરબજારમાં ઓલ રાઉન્ડ વેચવાલી જોવા મળી હતી.

દિવસના કારોબારમાં સેન્સેક્સ ૧,૦૦૦ અને નિફ્ટી ૩૦૦ પોઈન્ટ તૂટ્યા હતા. સેન્સેક્સ ૬૬,૦૦૦ની નીચે સરકી ગયો. બજાર નીચલા સ્તરેથી ૪૦૦ પોઈન્ટની નજીક રિકવર થયું, છતાં બીએસઈસેન્સેક્સ ૬૭૬ પોઈન્ટના ઘટાડા સાથે ૬૫,૭૮૨ પર બંધ થયો અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૭ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૫૧૪ પોઈન્ટ પર બંધ થયો.

આજના કારોબારમાં માર્કેટમાં ઘટાડાને કારણે રોકાણકારોને ભારે નુકસાન થયું છે. બીએસઈપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૩૦૩.૨૯ લાખ કરોડ પર બંધ થયું છે, જ્યારે અગાઉના ટ્રેડિંગ સેશનમાં માર્કેટ કેપ રૂ. ૩૦૬.૮૦ લાખ કરોડ હતું. એટલે કે આજના વેપારમાં ૩.૫૧ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

આજના કારોબારમાં તમામ સેક્ટરના શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. બેંક નિફ્ટી ૧.૨૧ ટકા, એનર્જી ૧.૬૧ ટકા, ઓટો ૧.૬૪ ટકા, આઈટી ૦.૮૧ ટકા, ફાર્મા ૦.૧૯ ટકા, મેટલ્સ ૨.૦૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે. નિફ્ટીનો મિડ કેપ ઈન્ડેક્સ ૧.૨૪ ટકા અને સ્મોલ કેપ ૧.૭૩ ટકા ઘટીને બંધ થયો હતો.

ક્રેડિટ રેટિંગ એજન્સી ફિચે યુએસ ક્રેડિટ રેટિંગ એએએથી ઘટાડીને એએ કર્યું છે. રેટિંગ એજન્સીએ આગામી ત્રણ વર્ષ સુધી અમેરિકાની નાણાકીય સ્થિતિમાં કથળવાની આશંકા વ્યક્ત કરી છે. રેટિંગ એજન્સીએ કહ્યું કે છેલ્લા ૨૦ વર્ષમાં ગવર્નન્સના ધોરણમાં ઘટાડો થયો છે, જેમાં નાણાકીય અને દેવા સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. ફિચના આ નિર્ણયથી એશિયન અને યુરોપિયન શેરબજારોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. અને તેની અસર ભારતીય બજારો પર પણ જોવા મળી હતી. પિચના રેટિંગ ડાઉનગ્રેડની અસર બજારના સેન્ટિમેન્ટ પર પડી છે. શેરબજારમાં આજે ચારે બાજુ લાલ નિશાન જોવા મળી રહ્યું છે. બીએસઈસેન્સેક્સ ૧,૦૧૩.૨૨ પોઈન્ટ્સ અથવા ૧.૫૨ ટકા ઘટીને ૬૫,૪૪૬.૦૯ ના સ્તરે પહોંચ્યો હતો. એનએસઈનો નિફ્ટી ૩૦૦.૬૦ પોઈન્ટ અથવા ૧.૫૨ ટકાના ઘટાડા સાથે ૧૯,૪૩૨.૯૫ના સ્તર પર આવી ગયો છે.

બુધવારે શેરબજારમાં આવેલા મોટા ઘટાડાથી ઘણી મોટી કંપનીઓના શેરોમાં રોકાણ કરનારા રોકાણકારોને આંચકો લાગ્યો છે. જે સ્ટોક્સમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો તેમાં હીરો મોટોકોર્પ લિમિટેડ (-૩.૮૬%), બજાજ ફિનસર્વ લિમિટેડ (-૨.૭૨%), ટાટા સ્ટીલ લિમિટેડ (-૩.૩૭%), એનટીપીસીલિમિટેડ (-૨.૬૪%) અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (-૧.૨૦%)નો સમાવેશ થાય છે.

### સીમા અને સચિન ગુજરાતમાં રહેવા આવશે ?

# સીમા-સચિનને વેપારીએ ૧ લાખના પગારવાળી નોકરી આપવાની જાહેરાત કરી

## સોમવાર રાતે ગ્રેટર નોઈડાના રબૂપુરા ગામમાં એક પોસ્ટમેન અજાણી ચિઠ્ઠી લઈને સચિન, સીમાના ઘરે પહોંચ્યો

અમદાવાદ, તા.૨

સીમા હૈદર અને સચિન મીણા...આજના સમયે કોઈ ભાગ્યે જ એવું હશે, જે આ બંનેના નામથી અજાણ હોય. બંનેની લવ સ્ટોરી હાલમાં સૌ કોઈની જીભ પર છે. બંનેના ઈન્ટરવ્યૂ લેવાઈ રહ્યા છે. ન્યૂઝ ચેનલથી લઈને સોશિયલ મીડિયા, દરેક જગ્યાએ સચિન-સીમાની લવ સ્ટોરી ચર્ચામાં છે. આ દરમ્યાન હવે બંને પાસે એક સાથે ત્રણ-ત્રણ ગુડ ન્યૂઝ સામે આવ્યા છે. આજતકના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, પહેલી ગુડ ન્યૂઝ એ છે કે, તેને ગુજરાતના એક વેપારીએ નોકરીની ઓફર આપી છે. વેપારી તરફથી કહેવાયું છે કે, આ બંનેને ૫૦-૫૦ હજાર રૂપિયાની સેલરીવાળી નોકરી આપશે. હકીકતમાં જોઈએ તો, જેવા આ સમાચાર સામે આવ્યા કે, સીમા-સચિન આર્થિક સંકટથી ઝઝૂમી રહ્યો છે, તો ગુજરાતી વેપારીએ પોતાની દરિયાદિલી બતાવી છે અને તેની મદદ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે આ બંનેને ૫૦-૫૦ હજાર રૂપિયા દર મહિને નોકરી આપવાની વાત કહી છે એટલે કે, સીમા સચિન દર મહિને એક લાખ રૂપિયાની કમાણી કરી શકશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર, સોમવાર રાતે ગ્રેટર નોઈડાના રબૂપુરા ગામમાં એક પોસ્ટમેન અજાણી ચિઠ્ઠી લઈને સચિન, સીમાના ઘરે પહોંચ્યો. અજાણી પત્રથી ત્યાં હડકંપ મચી ગયો હતો. સીમાએ પત્ર ખોલવા માગતી હતી, પણ તેની સુરક્ષામાં તૈનાત જવાનોએ તેને આવું કરવા દીધું નહીં. તેને લાગ્યું કે, કોઈ ધમકી ભરેલી ચિઠ્ઠી હોય શકે છે. ત્યાર બાદ પોલીસના જવાનોએ વરિષ્ઠ અધિકારીઓને જાણ કરી, અધિકારીઓના આદેશ પર ચિઠ્ઠી ખોલવામાં આવી તો, તેને ગુજરાતના એક વેપારીએ સચિન અને સીમાને લખેલી હતી. ત્રણ પાનાની આ ચિઠ્ઠીમાં સીમા હૈદર અને સચિનને ગુજરાતમાં ૫૦-૫૦ હજાર રૂપિયા દર મહિને સેલરી પર નોકરીની ઓફર કરી હતી. તેમાં લખ્યું હતું કે તે ગમે ત્યારે ગુજરાત આવીને નોકરી જોઈન કરી શકશે. આ ઉપરાંત ચિઠ્ઠીમાં આગળ લખ્યું હતું કે, આ બંનેની દરેક સંભવ મદદ કરવામાં આવશે. બીજા ગુડ ન્યૂઝ એ છે કે, હાલમાં જ તેને એક મૂવી ડિરેક્ટર અમિત જાનીએ પણ પોતાની ફિલ્મમાં કામ કરવાની ઓફર આપી છે. તે સીમાના ઘરે જઈને એડવાંસ ચેક આપવા માટે પણ તૈયાર હતા. જો કે, આ ઓફર પર સીમા-સચિનના પરિવારનું કહેવું છે કે, જ્યાં સુધી તેમના વિરુદ્ધ તપાસ પુરી ન થાય ત્યાં સુધી તેઓ આવું કરી શકશે નહીં.

### પોક્સો કોર્ટની ખાસ અદાલતનો ઝડપી ચુકાદો

# સુરતમાં બાળકીનું અપહરણ કરી દુષ્કર્મ બાદ હત્યાના કેસમાં આરોપીને ફાંસીની સજા

## પોક્સો કેસોની ખાસ અદાલતે એટ્રોસીટી સિવાયના તમામ ગુનામાં દોષી ઠેરવી પેન્ડીંગ રાખેલો ચૂકાદો જાહેર કર્યો

સુરત, તા.૨

માર્ચ-૨૦૨૩માં સુરતના ચોર્યાસી તાલુકાના કપ્લેથા ગામની માત્ર દોઢેક વર્ષની બાળકીને બદકામના ઈરાદે અપહરણ કરી દુષ્કર્મ તથા સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય આચરીને હત્યા કરનાર ૨૩ વર્ષીય આરોપી ઈસ્માઈલને આજે પોક્સો કેસોની ખાસ અદાલતના એડીશ્નલ સેશન્સ જજ શકુંતલાબેન એન.સોલંકીએ એટ્રોસીટી સિવાયના તમામ ગુનામાં દોષી ઠેરવી પૈન્ડીગ રાખેલો ચૂકાદો આજે જાહેર કર્યો હતો. સરકારપક્ષે આરોપી વિરુધ્ધનો કેસ રેરેસ્ટ ઓફ રેર શ્રેણીનો ગણીને દોષિત ઈસ્માઈલ હજાતને ફાસીની સજા, ૧ હજાર દંડ તથા પીડીતાના પરિવારને ૧૦ લાખનુ વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

મૂળ નવસારીના જિલ્લાના ચીખલી તાલુકાના આલીપુરના વતની અને છુટક મજુરી કરી માતા પિતા સાથે ભાડાના મકાનમાં રહેતા ૨૩ વર્ષીય આરોપી ઈસ્માઈલ ઉર્ફે યુસુફ સલીમ હજાત(રે.સરદાર ફળીયું,કપ્લેથા તા.ચોર્યાસી)ને ફરિયાદી મહીલાના પતિ સાથે મિત્રતાના સંબંધ હોઈ તેના ઘરે આવવા જવા તથા દોઢ વર્ષની માસુમ બાળકીને રમાડવા બહાર લઈ જવા સુધીના સંબંધ હતા.આરોપી ઈસ્માઈલ હજાત ગઈ તા.૨૭-૨-૨૩ના રોજ ફરિયાદીના ઘરે જતાં તેની એક વર્ષ નવ મહીના તથા ૧૭ દિવસની વયની દીકરી રડતી હતી.

તેથી માસુમ બાળકીને વેફર અપાવવાના નામે બદકામ કરવાના ઈરાદે કપ્લેથા ગામના તળાવ નજીક એક અવાવરુ મકાનના વાડામાં લઈ જઈને બાળકીની નાભિના ભાગે બચકાં ભરી ઈજા કરીન દુષ્કર્મ તથા સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય આચર્યા બાદ હત્યા કરીને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. જેથી ભોગ બનનાર ક્યાં છે તેવું આરોપીને પુછતાં હું હમણાં લાઉં છું તેવું કહીને આરોપી દોડીને ભાગી જતો હોય તેવા સીસીટીવી ફુટેજ મળ્યા હતા. ત્યારબાદ બાળકીની શોધખોળ કરતાં ઘટના સ્થળેથી મૃત્ત હાલતમાં બાળકી મળી આવી હતી.

જેથી સચીન પોલીસે માસુમ બાળકીને વાલીપણાના કબજામાંથી બદકામ કરવાના ઈરાદે લઈ જઈ દુષ્કર્મ-સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય આચરીને ગંભીર ઈજા પહોંચાડી હત્યાના ગુનામાં આરોપી ઈસ્માઈલ હજાતની ગઈ ૨૮મી ફેબ્રુઆરીએ ધરપકડ કરી જેલભેગા કરી નિયત સમય પહેલાં જ ચાર્જશીટ રજુ કરી દીધી હતુ.

સરકારપક્ષે મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાએ આરોપી વિરુધ્ધ ચાર્જફ્રેમ થયા બાદ માત્ર પાંચ જ મહીનના ટુંકાગાળામાં સ્પીડી ટ્રાયલ ચલાવીને કુલ ૫૯ સાક્ષીઓ તથા ૭૦ દસ્તાવેજી પુરાવા રજુ કરીને સરકારપક્ષનો કેસ નિઃશકપણે સાબિત કર્યો હતો.જેથી પોક્સો કેસોની ખાસ અદાલતે આરોપી ઈસ્માઈલ હજાતને એટ્રોસીટી એક્ટના ભંગના ગુના સિવાય તમામ ગુનામાં દોષી ઠેરવતો હુકમ કર્યો હતો.

જેથી મોડી સાંજે દોષી ઠરેલા ઈસ્માઈલ હજાતની વિરુધ્ધ માસુમ બાળકી પર દુષ્કર્મ-સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય તથા હત્યા જેવા ગંભીર ગુના આચર્યા હોઈ સરકારપક્ષે આરોપી વિરુધ્ધના કેસને રેરેસ્ટ ઓફ રેર ગણીને કેપીટલ પનીશમેન્ટની મહત્તમ સજા-દંડ તથા ભોગ બનનારના પરિવારને વીકટીમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ વળતર ચુકવવા પણ માંગ કરી હતી.

જ્યારે આરોપીના બચાવપક્ષે લીગલ એઈડના વકીલ પંચોલીએ આરોપી યુવાન વયના હોવા ઉપરાંત માતા-પિતા તથા એક બહેનનું ભરણ પોષણ કરતા હોઈ ગુનાઈત ઈતિહાસ ન હોઈ મહત્તમને બદલે ઓછી સજા કરવા માંગ કરી હતી.જેથી બંને પક્ષોની દલીલો બાદ કોર્ટે ચુકાદો આગામી તા.૨જી ઓગષ્ટ સુધી મુલત્વી રાખ્યો છે. આજે ઉઘડતી કોર્ટના સમયે ભરી અદાલતમાં દોષી ઈસ્માઈલ હજાતને ઈપીકો ૩૭૬(એ)(બી) પોક્સો એક્ટની કલમના ભંગ બદલ ઈસ્માઈલ હજાતને પીટલ પનીશમેન્ટની સજા, ૧ હજાર દંડ તથા ભોગબનનાર બાળકીના પરિવારને વીકટીમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ રૂ.૧૦ લાખ વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

ચોર્યાસી તાલુકાના કપ્લેથા ગામમાં માત્ર દોઢ વર્ષની બાળકીનું અપહરણ-દુષ્કર્મ,હત્યા કરી પોક્સો એક્ટના ભંગ કરવાના ગુનામાં કોર્ટે દોષી ઠેરવેલા ઈસ્માઈલ હજાતના મોબાઈલ ડેટા મેળવવામાં આવ્યા હતા.સરકારપક્ષે એફએસએલના અધિકારીઓના રિપોર્ટને રજુ કરીને આરોપીના મોબાઈલમાંથી કુલ ૨૧૫ જેટલી નાની ઉંમરના બાળકો પર હિંસા આચરવા, તેની હત્યા કેવી રીતે કરવી,નાભિના ભાગે ઈજા કરવા સહિતની આપત્તિજનક ઈમેજ અને ક્લીપ્સ મળી આવી હતી.

જેનો અમલ કરતો હોય તેમ ઈસ્માઈલ હજાતે ભોગ બનનાર બાળકીની નાભિના ભાગે બચકાં ભરીને ગંભીર ઈજા પહોંચાડી હોવાનું પણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ તથા મેડીકલ એવીડન્સમાં પુરવાર થયું હતુ. તદુપરાંત ૨૩ વર્ષીય આરોપી ઈસ્માઈલે દોઢ વર્ષની બાળકી સાથે જઘન્ય કૃત્ય આચર્યા પહેલાં પણ પોતાની વયથી ૧૦-૧૫ વર્ષ મોટી વયની મહીલા સાથે પણ સંબંધો હોવાનું મોબાઈલ ડેટાની વિગતોમાં બહાર આવ્યું હતુ.

ગયા માર્ચ માસમાં સચીન પોલીસની હદમાં દોઢ વર્ષની બાળકીના અપહરણ,દુષ્કર્મ તથા સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય આચરી હત્યાના ગુનામાં દોષી ઠરેલા ઈસ્માઈલ હજાતને પોક્સો એક્ટના ભંગ, ઈપીકો-૩૭૬(એ)(બી)માં ફાંસી મહત્તમ સજા ઉપરાંત ઈપીકા-૩૦૨ સહિત અન્ય ગંભીર ગુનામાં સખ્તકેદ સાથે ઈપીકો-૭૩ હેઠળ સૌ પ્રથમવાર એકાંત કેદની સજાની પણ માંગ કરી છે. જે મુજબ જે ગુના માટે અદાલતને સખત કેદની સજા કરવાની સત્તા હોય તે ગુનામાં દોષી જાહેર થયેલા ગુનેગારને જે સજા કરવામાં આવી હોય તેના કોઈ ભાગ કે ભાગની મુદત સુધીન તેને નીચેના ધોરણ મુજબ એકંદરે ત્રણ માસથી વધુ નહીં તેવી એકાંત કેદમાં રાખવામાં આવશે. એકાંત કેદની સજાનો અમલ કરવામાં એકી સાથે એવી કેદ કદી ૧૪ દિવસથી વધુ હોવી જોઈએ નહીં. તથા એકાંત કેદની મુદતોની વચ્ચે તે મુદત કરતાં ઓછો સમયગાળો હોવો જોઈએ નહીં.જો કેદની સજા ત્રણ માસ કરતાં વધુ હોય તો અપાયેલી પુરી કેદ દરમિયાન કોઈ એક માસમાં એકાંત કેદ સાત દિવસ કરતાં વધુ ન હોવી જોઈએ નહીં. અત્રે નોંધનીય છે કે સ્વ.વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા કેસમાં દોષી ઠરેલા ગુનેગારોને ઈપીકો-૭૩ હેઠળ એકાંત કેદની સજાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. જો કે તે પુરી સળંગ સજા દરમિયાન એકાંત કેદનો હોઈ તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. પાંચ મહીના પહેલાં ચોર્યાસી તાલુકાના કપ્લેથા ગામમાં માત્ર દોઢ વર્ષની બાળકીના રેપ વીથ મર્ડર કેસમાં દોષી ઠરેલા ઈસ્માઈલ હજાતની વિરુધ્ધના કેસ રેરેસ્ટ ઓફ રેર ગણાવતા સરકારપક્ષે માછીસિંગના કેસમાં પ્રસ્થાપિત કરેલા ચુકાદાના તારણને પોતાની દલીલના સમર્થનમાં રજુ કર્યા હતા.જેથી આરોપી તથા ભોગ બનનારના મીટીગેટીંગ તથા એગ્રિવેટીંગ સંજોગો દર્શાવવામાં આવ્યા હતા.

સરકારપક્ષે પીડીતાના મીટીંગેટીંગ સંજોગો દર્શાવવવા તેની દોઢ વર્ષની વય,નિઃસહાય,નિઃશસ્ત્ર અને પ્રતિકાર કરી શકે તેવી સ્થિતિમાં ન હોવા, આરોપીએ તેને પહોંચાડેલી ઈજા, આરોપીના અગાઉના ગુનાઈત કૃત્ય અને બનાવ બાદ,ટ્રાયલ દરમિયાન કે દોષી ઠર્યા બાદ પોતાના કૃત્યનો પસ્તાવો કે રંજ ન હોવાનું જણાવ્યું હતુ.

જ્યારે આરોપીના બચાવપક્ષે આરોપીના મીટીગેટીંગ સંજોગો દર્શાવતા જણાવ્યું હતું કે આરોપી ૨૩ વર્ષની નાની વય છે. માતા પિતા તથા બહેનનું ભરણ પોષણ કરે છે. જેનું ખંડન કરતાં સરકારપક્ષે જણાવ્યું હતું કે આરોપીના માતાપિતાની જુબાનીમાં પણ આરોપી તેમનું ભરણ પોષણ કરતો હોવાનું જણાવ્યું નથી.

આરોપીને નાની બહેન હોવા છતાં માત્ર દોઢ વર્ષની બાળકી સાથે તેણે કરેલા જઘન્ય કૃત્ય અને ક્રુરતા જોતાં આરોપીના એગ્રીંગેટીંગ સંજોગો મીટીગેટીંગ સંજોગો કરતાં વધુ ગંભીર છે.આરોપીની ઉંમર ૨૩ વર્ષની છે પરંતુ ભોગ બનનારની વય તો માત્ર દોઢ વર્ષની છે. જે ભવિષ્યમાં સારી નાગરિક બનીને તેના કુટુંબને મદદરૂપ થઈ શકી હોત. દોષિત ઈસ્માઈલ હજાતના ક્યા ગુનામાં કેટલી સજા- દંડ

(૧) ઈપીકો-૩૬૬ આજીવન કેદ ૧ હજાર દંડ ન ભરે તો ૬ માસની કેદ

(૨)ઈપીકો-૩૭૬(એ)(બી)ફાસીની સજા ૧ હજાર દંડ ન ભરે તો છ માસ કેદ

(૩)ઈપીકો-૩૦૨ માં આજીવન કેદ, ૧ હજાર દંડ ન ભરે તો છ માસ કેદ

### વિપક્ષી સાંસદોનું એક પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યું

# સંસદમાં મને બોલતો રોકવા માઈક બંધ કરી દેવાય છે : ખડગે

## પ્રતિનિધિમંડળમાં વિવિધ વિરોધ પક્ષના કુલ ૨૧ નેતાઓ સામેલ, આઈ.એન.ડી.આઈ.એના તમામ સાંસદો રાષ્ટ્રપતિને મળ્યા અને તેમને મણિપુર વિશે માહિતી આપી

નવી દિલ્હી, તા.૨

મણિપુર હિંસા મામલે સંસદમાં હોબાળો ચાલી રહ્યો છે અને વિપક્ષી પાર્ટીઓ સતત કેન્દ્ર પર પ્રહારો કરી રહી છે ત્યારે આજે વિપક્ષી સાંસદોનું એક પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યુ છે.

દેશમાં મણિપુર હિંસાનો મુદ્દે સંસદથી લઈને રસ્તાઓ પર ચર્ચા થઈ રહી છે. સંસદમાં ચોમાસા સત્રનું આ ત્રીજુ અઠવાડિયું છે ત્યારે વિપક્ષીના સતત હંગામાને કારણે બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત કરવી પડે છે આ વચ્ચે આજે વિપક્ષી સાંસદોએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી.

આ પ્રતિનિધિમંડળમાં વિવિધ વિરોધ પક્ષના કુલ ૨૧ નેતાઓ સામેલ હતા. રાષ્ટ્રપતિને મળ્યા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ અંગે માહિતી આપી હતી.

જેમાં તણે કહ્યું હતું કે મણિપુર અંગે રાષ્ટ્રપતિને મેમોરેન્ડમ સુપરત કરવામાં આવ્યું અને તેમને મણિપુર મુદ્દે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી. આ મામલે રાષ્ટ્રપતિએ ખાતરી આપી છે કે તેઓ તેના પર વિચાર કરશે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે અમે રાષ્ટ્રપતિને મળ્યા અને મણિપુરમાં બની રહેલી ઘટના અંગે ચર્ચા કરી હતી. આઈ.એન.ડી.આઈ.એના તમામ સાંસદો રાષ્ટ્રપતિને મળ્યા અને તેમને મણિપુર વિશે માહિતી આપી. આ દરમિયાન ખડગેએ ફરી એકવાર કહ્યું હતું કે તેમને સંસદમાં બોલવાથી રોકવામાં આવી રહ્યા છે. તેણે કહ્યું કે મારું માઈક બંધ કરવામાં આવે છે.

ખડગેએ વધુમાં કહ્યું કે, અધ્યક્ષે આશ્વાસન આપ્યું કે સત્તાધારી પક્ષને એટલું જ મહત્વ આપવામાં આવે છે જેટલું તે વિપક્ષને આપે છે, પરંતુ ખબર નથી કે મને કેમ બોલવાની મંજૂરી નથી. મારું માઈક બંધ છે. સરકાર નથી ઈચ્છતી કે મણિપુરની ચર્ચા થાય. ખડગેએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મણિપુર જવું જોઈતું હતું.

મલ્લિકાર્જુન ખડગેએ હરિયાણામાં નૂહ સહિત વિવિધ સ્થળોએ થયેલી હિંસા અંગે પણ સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે હરિયાણામાં જે રમખાણો થઈ રહ્યા છે તે વડાપ્રધાન કાર્યાલયથી ૧૦૦ કિલોમીટર દૂર પણ નથી.

વડાપ્રધાન દિલ્હીની જ નોંધ લેતા નથી. આ પહેલા વિપક્ષી ગઠબંધન આઈ.એન.ડી.આઈ.એના કેટલાક સાંસદોએ ૨૯-૩૦ જુલાઈના રોજ મણિપુરની મુલાકાત લીધી હતી. વિપક્ષ મણિપુર હિંસા પર સંસદમાં નિયમ ૨૬૭ હેઠળ ચર્ચા કર્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનની માંગ કરી રહ્યું છે,

જ્યારે શાસક ગઠબંધન ઈચ્છે છે કે મણિપુર પર ટૂંકા ગાળાની ચર્ચા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ જવાબ આપશે.

### નાણાકીય બાબતોની સંસદીય સ્થાયી સમિતિની ભલામણ

# સાયબર ફ્રોડમાં બેંકોએ ગ્રાહકને તરત નાણાં પરત કરવા જોઈએ

## બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ ઓટોમેટિક સિસ્ટમ દ્વારા ગ્રાહકો પાસેથી છેતરપિંડી કરાયેલા નાણાં પરત કરવાની તેમની જવાબદારી સ્વીકારે

નવી દિલ્હી, તા.૨

સાયબર ફ્રોડમાં, ગ્રાહકોના ખાતામાંથી કપાયેલા પૈસા તેમની સંબંધિત બેંકો અને નાણાકીય સંસ્થાઓને જાતે અને તરત જ પરત કરવા જોઈએ. નાણાકીય બાબતોની સંસદીય સ્થાયી સમિતિએ આ ભલામણ કરી છે. ભાજપના સાંસદ જયંત સિન્હાની આગેવાની હેઠળની સ્થાયી સમિતિએ લોકસભામાં રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે આરબીઆઈએ પોતે જ એવી સિસ્ટમ બનાવવી જોઈએ કે બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ ઓટોમેટિક સિસ્ટમ દ્વારા ગ્રાહકો પાસેથી છેતરપિંડી કરાયેલા નાણાં પરત કરવાની તેમની જવાબદારી સ્વીકારે.

લોકસભામાં રજુ કરાયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે સાયબર ક્રાઈમ સતત નવા સ્વરૂપોમાં સામે આવી રહ્યા છે, ગ્રાહકોને તેનાથી બચાવવા માટે ખૂબ જ જટિલ સુરક્ષા વ્યવસ્થા હોવી જોઈએ. સમિતિએ કહ્યું કે જે ગ્રાહકો સાથે છેતરપિંડી કરવામાં આવી છે તેમને ત્રણ દિવસમાં તેમના ગુનાની જાણ કરવા કહેવામાં આવ્યું છે. આ સમયગાળો વધારીને ૭ દિવસ કરવો જોઈએ. તેનાથી ગ્રાહકોને રાહત મળશે.

સમિતિ દ્વારા બીજી એક ભૂલ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ખાતા વ્યવહારોના જીસ્જી ગ્રાહકોને વારંવાર મોકલવામાં આવતા નથી. જો તાત્કાલિક માહિતી મોકલવામાં નહીં આવે તો ગુનેગારો દ્વારા ખાતામાંથી નાણાંની ચોરી થાય ત્યારે પણ લોકોને માહિતી નહીં મળે અને ગુનાઓ બનતા રહેશે. સંસદીય સમિતિએ કડક શબ્દોમાં કહ્યું- સંસ્થાએ તાત્કાલિક SMS સૂચના સેવાઓમાં સુધારો કરવો જોઈએ.

સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી પરની સંસદીય સ્થાયી સમિતિએ સાયબર ક્રાઈમના જોખમનો અસરકારક રીતે સામનો કરવા અને ડિજિટલ યુગમાં નાગરિકો અને અધિકારીઓના હિતોનું રક્ષણ કરવા માટે દેશમાં ડેટા સંરક્ષણ કાયદો લાવવાની તીવ્ર જરૂરિયાત વ્યક્ત કરી છે. કમિટીએ પોતાના ૪૮મા અહેવાલમાં કહ્યું છે કે ડેટા પ્રોટેક્શન કાયદાના અમલમાં વિલંબથી લોકો માટે વિવિધ જોખમો થઈ શકે છે. આ સાથે નાગરિકોના ગોપનીયતા અધિકારો સાથે પણ ચેડાં કરવા પડી શકે છે. કમિટીએ કાયદાનો તાત્કાલિક અમલ કરવા ભારપૂર્વક હિમાયત કરી છે.

દિલ્હી સરકારે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ લઈ રહેલા એસસીવિદ્યાર્થીઓ માટે નાણાકીય સહાય ૫ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવી જોઈએ અને સહાયની અવધિ ઓછામાં ઓછી પાંચ વર્ષ સુધી વધારવી જોઈએ. આ સૂચનો ગઈકાલે લોકસભામાં રજૂ કરાયેલા અહેવાલમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કલ્યાણ પરની સંસદીય સમિતિ દ્વારા આપવામાં આવ્યા હતા. હાલમાં દિલ્હી સરકાર વર્ષ ૨૦૧૯-૨૦માં શરૂ કરાયેલ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરતા એસસીવિદ્યાર્થીઓ માટે નાણાકીય સહાય યોજના હેઠળ બે વર્ષના સમયગાળા માટે વિદ્યાર્થી દીઠ ૫ લાખ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડે છે.

### દેશના અનેક ભાગમાં સામાન્ય કરતા વધુ વરસાદ

# દેશની જમીનનો ચોથો ભાગ દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરે છે

## આઈએમડીએ ઓગસ્ટમાં નબળા ચોમાસાની આગાહી કરી છે જેના પગલે કેટલાક વિસ્તારોમાં સ્થિતિ વધુ વણસી શકે છે

નવી દિલ્હી, તા.૨

દેશના ઘણા ભાગોમાં સામાન્ય કરતાં વધુ વરસાદ હોવા છતાં, જમીનનો ચોથો ભાગ દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યો છે. આઈએમડીએ ઓગસ્ટમાં નબળા ચોમાસાની આગાહી કરી છે જેના પગલે કેટલાક વિસ્તારોમાં સ્થિતિ વધુ વણસી શકે છે. આઈઆઈટી-ગાંધીનગર દ્વારા સંચાલિત ભારતના પ્રથમ રીઅલ-ટાઈમ દુષ્કાળ-નિરીક્ષણ પ્લેટફોર્મ ડીઈડબલ્યુએસના ડેટા અનુસાર, દુષ્કાળની સ્થિતિ ૨૭ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ૨૨.૪, ૨૬ જૂને ૨૩.૮ અને ૧૯ જુલાઈએ ૨૪.૪ હતી. ૨૬થી ૩૧ જુલાઈ સુધી ૨૫.૧ ટકા શુષ્ક હતું. અગાઉના વર્ષની સરખામણીએ આ સમયગાળા દરમિયાન સૂકા ભૂમિ વિસ્તારમાં ૭ ટકાનો વધારો જોવા મળ્યો હતો. એકંદરે ૨૫.૧ ટકા જમીનમાંથી ૬.૩ ટકા અત્યંત સૂકી છે જ્યારે ૯.૬ ટકા ગંભીર સૂકી સ્થિતિમાં છે. લગભગ ૯.૧ ટકા વિસ્તાર સાધારણ શુષ્ક સ્થિતિમાં છે.દુષ્કાળગ્રસ્ત વિસ્તારો મોટાભાગે પૂર્વીય રાજ્યો ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ તેમજ પૂર્વીય ઉત્તર પ્રદેશના ભાગો, મણિપુર, અરુણાચલ પ્રદેશ, આસામ, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના ઉત્તર પૂર્વીય રાજ્યોમાં છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકના કેટલાક ભાગો પણ દુષ્કાળની ઝપેટમાં છે. બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં ૩૧ જુલાઈ સુધી અનુક્રમે ૪૮, ૪૬ અને ૨૨ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત આઈએમડીએ ૩૧ જુલાઈના રોજના તેના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ૨૦૨૩માં દક્ષિણપશ્ચિમ ચોમાસાની મોસમના બીજા ભાગમાં દેશમાં વરસાદ સામાન્ય રહેવાની શક્યતા છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### હરિયાણાના નવ જિલ્લા સંવેદનશીલ જાહેર કરાયા

# હરિયાણાના નૂહની હિંસાનો મૃત્યુઆંક ૫ થયો, શહેરમાં કર્ફ્યુ

## રમખાણકારોને જોતા જ ગોળી મારી દેવાનો આદેશ, હિંસામાં ૧૦ પોલીસકર્મીઓ સહિત ૬૦થી વધુ લોકો ઘવાયા

નૂહ, તા.૨

હરિયાણાના નૂહમાં શોભાયાત્રા પર હુમલાની ઘટના બાદ ભડકેલી કોમી હિંસામાં મૃતકોની સંખ્યા વધીને ૫ થઈ ચૂકી છે. શાંતિ વ્યવસ્થા જાળવી રાખવા માટે નૂહમાં કર્ફ્યૂ જાહેર કરાયો છે અને રમખાણકારોને જોતા જ ગોળી મારી દેવાનો આદેશ અપાયો છે. હિંસામાં ૧૦ પોલીસકર્મીઓ સહિત ૬૦થી વધુ લોકો ઘવાયા છે. આ સાથે જ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે આ મામલે નિવેદન આપતાં કહ્યું કે આ રમખાણો કોઈ મોટા ષડયંત્ર તરફ ઈશારો કરે છે. દોષિતોને છોડીશું નહીં.

આ સાથે જ નૂહમાં ભડકેલી હિંસા બાદ રાજ્યમાં ૯ જિલ્લા ગુરુગ્રામ, ફરીદાબાદ, પલવલ, યમુનાનગર, સોનીપત, પાનીપત અને જિંદને સંવેદનશીલ વિસ્તાર જાહેર કરાયા છે. નૂહમાં સોમવારે ભડકેલી હિંસા બાદથી તણાવની સ્થિતિ જોવા મળી છે.

આ દરમિયાન હરિયાણાના ઉપમુખ્યમંત્રી દુષ્યંત સિંહ ચૌટાલાએ મોટું નિવેદન આપતાં કહ્યું કે અમને શોભાયાત્રામાં કેટલા લોકોની ભીડ સામેલ થવાની છે તેની કોઈ જાણકારી આપવામાં આવી નહોતી. જેના પગલે આ હિંસા ભડકી હતી. જે લોકો દોષિત ઠરશે તેમને છોડીશું નહીં. સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરાઈ છે. આ દરમિયાન તેમણે લોકોને શાંતિ સ્થાપિત કરવા અપીલ કરી હતી.

નૂહ ઉપરાંત ગુરુગ્રામ, ફરીદાબાદ અને પલવલ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં સ્થિતિ તણાવપૂર્ણ રહી હતી. મંગળવારે યમુના નગર અને જિંદદ સહિત કેટલાક સ્થળોએ છૂટાછવાયા બનાવો નોંધાયા હતા. હિંસાને કારણે અત્યાર સુધીમાં બે પોલીસકર્મીઓ સહિત પાંચ લોકોના મોત થયા છે. નૂહના સૌથી સંવેદનશીલ વિસ્તારોમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. સમગ્ર વિસ્તારમાં અર્ધલશ્કરી દળની ૧૩ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.

નુહમાં ૨ ઓગસ્ટ સુધી ઈન્ટરનેટ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. નૂહ, ફરીદાબાદ, ગુરુગ્રામ અને પલવલમાં તમામ શાળા-કોલેજો અને કોચિંગ સેન્ટરો બંધ રાખવામાં આવ્યા હતા. નૂહમાં ૨ ઓગસ્ટે યોજાનારી ૧૦મી, ૧૨મીની પરીક્ષાઓ રદ કરવામાં આવી છે. હરિયાણા પોલીસે જાહેરાત કરી છે કે નૂહ રમખાણોમાં જીવ ગુમાવનારા હોમગાર્ડ્સ નીરજ અને ગુરસેવક સિંહના આશ્રિતોને ૫૭-૫૭ લાખ રૂપિયા આપવામાં આવશે.

જનતા પર મોંઘવારીનો વધુ એક માર

# અદાણી CNG ના ભાવમાં ૧૫ પૈસાનો વધારો કરાયો

## ૨ મહિનામાં CNG ના ભાવમાં આ છઠ્ઠી વખત વધારો ઝીંકવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૨

દેશમાં સતત વધતી મોંઘવારીથી જનતા ત્રસ્ત છે. જીવન જરૂરિયાતની દરેક વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. આ વચ્ચે હવે અદાણીના ઝદ્રવ્યના ભાવમાં ફરી વધારો કરાયો છે. અદાણી CNGના ભાવમાં ૧૫ પૈસાનો વધારો થયો છે. મહત્વનું છે કે, ૨ મહિનામાં CNGના ભાવમાં આ છઠ્ઠી વખત વધારો ઝીંકવામાં આવ્યો છે. CNGમાં બે માસમાં છઠ્ઠી વખત ભાવ વધારો કરાયો છે. આ ભાવ વધારાને કારણે CNG ૭૫.૯૯ રૂપિયા પર પહોંચી ગયો છે. હવે વાહનચાલકોએ અદાણીના CNG માટે ૭૫.૯૯ રૂપિયા પ્રતિ કિલો ચૂકવવા પડશે. આ વધેલા ભાવ આજથી અમલી થઈ ચૂક્યા છે. અદાણીના CNGમાં ૧૫ પૈસાના વધારો થતાં નાગરિકોના ખિસ્સા પર અસર થશે. અદાણી CNGના આ ભાવ વધારાથી સૌથી વધુ રીક્ષાચાલકોની કમર તૂટી જશે.

ગત એપ્રિલ મહિનામાં કેન્દ્ર સરકારે CNG ગેસના ભાવમાં ઘટાડો કર્યો હતો. ભારત સરકારના નિર્ણય બાદ અદાણી ગેસે CNGમાં ૬થી ૭ રૂપિયાનો ઘટાડો કર્યો હતો. ગત એપ્રિલ મહિનામાં ગેસના ભાવમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો. કેબિનેટે કુદરતી ગેસના ભાવ માટે નવી કિંમત નિર્ધારણ પદ્ધતિની જાહેરાત કરી હતી. આ નવી સિસ્ટમની જાહેરાત બાદ જ CNG અને PNGના ભાવમાં ઘટાડો થયો હતો. આ ઘટાડા બાદ અદાણી ગેસ સતત ભાવ વધારો કરી રહ્યું છે. છેલ્લા ૨ મહિનામાં CNGના ભાવમાં છ વખત વધારો કરાયો છે. જ્યારે એક જ મહિનામાં ૪ વખત ભાવ વધારો ઝીંકીને અદાણીએ CNGને સીધો ૭૫.૯૯ રૂપિયા પર પહોંચાડી દીધો છે.

પૂણેમાં મોદીને લોકમાન્ય તિલક પુરસ્કારથી નવાજ્યા બાદ અજિત પવારની ટીપ્પણી

# મોદી રાજીવ ગાંધી જેવી જ મિસ્ટર ક્લિનની છબિ ધરાવે છે : અજિત પવાર

## છેલ્લા નવ વર્ષથી મોદીના કામને જોઈ રહ્યા છીએ, મોદી જેવી આંતરરાષ્ટ્રીય લોકપ્રિયતા ધરાવતો બીજો કોઈ નેતા નથી, સત્ય એ જ સત્ય છે : એનસીપીના નેતા

પુણે, તા.૨

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું છે કે સ્વર્ગસ્થ રાજીવ ગાંધી 'મિસ્ટર ક્લીન' તરીકે જાણીતા હતા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ એવી જ પ્રતિષ્ઠા ધરાવે છે.

પવાર, જેમણે ગયા મહિને ભાજપ-શિવસેના સરકારમાં જોડાવા માટે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) માંથી પક્ષપલટો કર્યો હતો, તેઓ મંગળવારે પુણેમાં એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા જ્યાં મોદીને લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો.

તેમણે કહ્યું કે જ્યારે મોદીની મોટર કાફ્ડ પસાર થઈ રહી હતી ત્યારે પુણેના લોકોએ રસ્તાની બંને બાજુ ઉભા રહીને તેમનું સ્વાગત કર્યું હતું.

જ્યારે પવારને કહેવામાં આવ્યું કે એનસીપીના કાર્યકરો (હરીફ જૂથના) એ પીએમની મુલાકાત દરમિયાન વિરોધ કર્યો અને કાળા ઝંડા બતાવ્યા, ત્યારે તેમણે કહ્યું કે હું અને દેવેન્દ્ર જી (ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ) મોટરકેડમાં એક જ કારમાં હતા. અમે કાર્યક્રમ સ્થળ પર મોદીની યાત્રા દરમિયાન કાળા ધ્વજ જોયા નહોતા. વાસ્તવમાં, અમે રસ્તાની બંને બાજુએ ઉભા રહીને લોકો તેને આવકારતા અને અભિનંદન આપતા જોયા.

પવારે કહ્યું કે કોઈપણ વડાપ્રધાન કાયદો અને વ્યવસ્થાના દૃષ્ટિકોણથી દેશમાં સારું વાતાવરણ બનાવવા વિશે વિચારશે. મણિપુરમાં જે થઈ રહ્યું છે તેને કોઈએ સમર્થન આપ્યું નથી. વડા પ્રધાને આ બાબતની નોંધ લીધી છે. ભારતના ચીફ જસ્ટિસે પણ સંજ્ઞાન લીધું છે. ત્યાં જે કંઈ થયું તે બધા દ્વારા વખોડવામાં આવ્યું છે.

કેન્દ્ર અને મણિપુર સરકાર એ સુનિશ્ચિત કરી રહી છે કે ૩ મેની ઘટના (જ્યાં બે મહિલાઓને નગ્ન પરેડ કરવામાં આવી હતી)ના ગુનેગારોને સજા મળે, એમ તેમણે જણાવ્યું હતું.

પવારે કહ્યું, મોદી રોજના ૧૮ કલાક કામ કરે છે. તેમણે કહ્યું કે દિવાળી દરમિયાન, જ્યારે દેશનો બાકીનો ભાગ ઘરમાં દિવાળી ઉજવે છે, ત્યારે તે સરહદ પર સેનાના જવાનો સાથે ઉજવે છે.

પવારે કહ્યું કે અમે છેલ્લા નવ વર્ષથી તેમના કામને જોઈ રહ્યા છીએ. મોદી જેવી આંતરરાષ્ટ્રીય લોકપ્રિયતા ધરાવતો બીજો કોઈ નેતા નથી. સત્ય એ જ સત્ય છે. મારે વિકાસ જોઈએ છે વિપક્ષી પાર્ટીમાં હોવાને કારણે અમે વિરોધ કરી શકીએ છીએ અને મોરચા કાઢી શકીએ છીએ, પરંતુ નિર્ણય સત્તા પર રહેલા લોકો પર રહે છે.

એનસીપીનેતાએ કહ્યું કે તેઓ મહારાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે ભાજપ-શિવસેના ગઠબંધન સરકારમાં જોડાયા છે.

ડેપ્યુટી સીએમએ કહ્યું કે દેશમાં મોદીજી જેવી લોકપ્રિયતા ધરાવતું બીજું કોઈ વ્યક્તિત્વ નથી. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સંદર્ભમાં તેઓએ જે કામ કર્યું છે તે જુઓ, ભારતને વૈશ્વિક સ્તરે જે પ્રકારનું સન્માન મળે છે.

તેમણે કહ્યું કે ઈન્દિરા ગાંધીને પણ આ જ પ્રકારનું સન્માન મળતું હતું (જ્યારે તેઓ અન્ય દેશોની મુલાકાત લેતા હતા)પ.રાજીવ ગાંધી મિસ્ટર ક્લીનની છબી ધરાવતા હતા. તેવી જ રીતે, આપણે (તેમને) મોદી તરીકે જોઈ રહ્યા છીએ.

વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ પહેલા જ MoU શરૂ

# CMના હસ્તે ગુજરાતમાં ૧,૪૦૧ કરોડના વધુ ૪ MOU, ૫૩૦૦ રોજગારી થશે

## આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ પાંચ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે

અમદાવાદ, તા.૨

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્યમાં માત્ર ૨૪ કલાકમાં જ ઝસ ભૂપેન્દ્ર પટેલ,ઉદ્યોગમંત્રીની ઉપસ્થિતિમાં કેમિકલ સેક્ટરમાં ૧૪૦૧ કરોડ રૂપિયાનાં રોકાણો સાથે વધુ ૪ નવાં MoU થયાં છે. આ રોકાણને લીધે રાજ્યમાં ૨ હજારથી વધુ અપેક્ષિત રોજગારીની તકો ઊભી થશે. કેમિકલ ક્ષેત્રની પ્રતિષ્ઠિત કંપનીઓ દહેજ અને સાયખા GIDCમાં રોકાણો કરશે. ગુજરાત સરકારે વાયબ્રન્ટ સમિટ પૂર્વે પ્રતિ સપ્તાહ MoU ના ઉપક્રમની બે કડીમાં કુલ રૂ. ૨૭૬૧ કરોડના ૧૦ MoU સંપન્ન થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ પાંચ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર તથા વિવિધ ૪ ઉદ્યોગગૃહો વચ્ચે કેમિકલ સેક્ટરમાં ૧૪૦૧ કરોડના કુલ રોકાણો સાથે જિલ્લાના સાયખા તથા દહેજ GIDCમાં ઉદ્યોગો શરૂ કરવા માટેના MoU સંપન્ન.MoU અનુસાર સાયખા અને દહેજ GIDC ૨૦૨૪-૨૫-૨૬ સુધીમાં આ ઉદ્યોગો શરૂ કરવા માટે જે ચાર MoU થયા છે તેમાં ગુજરાત ફ્લોરો કેમિકલ્સ દ્વારા દહેજ-૨માં રૂ.૫૦ કરોડના રોકાણ સાથે જે એકમ સ્થપાશે તે ઈલેક્ટ્રિક વાહનોની બેટરી કેમિકલ્સ તરીકે ઉપયોગમાં લેવાતા લિથિયમ હેક્ષાફ્લોરો ફોસ્ફેટનું ઉત્પાદન કરશે. આશુ ઓર્ગેનિક ઈન્ડીયા પ્રા. લિમીટેડ દહેજ-૩માં રૂ.૧૦૮ કરોડના રોકાણ સાથે ડાઈસ એન્ડ પિગ્મેન્ટ ઈન્ટરમિડીયેટ્સ ઉત્પાદન પ્લાન્ટ શરૂ કરવાના છે.વાયબ્રન્ટ સમિટ દેશ-વિદેશનાં રોકાણકારો, ઉદ્યોગકારો માટે ગ્લોબલ પ્લેટફોર્મ બની રહી છે. આ સંદર્ભમાં વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્ય સરકારે વિવિધ ઉદ્યોગો સાથે અત્યારથી જ MoU કરવાનો ઉપક્રમ પ્રયોજ્યો હતો. કેમિકલ સેક્ટરમાં કુલ ૧૪૦૧ કરોડ રૂપિયાના રોકાણો માટે ૪ ઉદ્યોગગૃહોએ MoU કર્યા. આ ઉદ્યોગો ભરૂચ જિલ્લાની સાયખા તથા દહેજ GIDCમાં પોતાના ઉદ્યોગો શરૂ કરશે અને અંદાજે ૨૨૮૫ જેટલા સંભવિત રોજગાર અવસરો પૂરા પાડશે. આ પહેલાં MoUના ઉપક્રમની બે કડીમાં કુલ રૂ. ૨૭૬૧ કરોડના ૧૦ MoU સંપન્ન થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ ૫૦૦૦થી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે અને આ સમિટને સફળ બનાવવા માટે રાજ્ય સરકારે શ્રેણીબદ્ધ આયોજનો હાથ ધર્યા છે.

# ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ ''વિશ્વ સ્તનપાન સપ્તાહ''

## દેશી ગાયનું દૂધ, સર્વશ્રેષ્ઠ દૂધ



સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ દરમિયાન 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' મનાવવામાં આવે છે. દુનિયાભરમાં શિશુઓનાં આરોગ્યમાં સુધારા અને સ્તનપાનને પ્રોત્સાહિત કરવાના હેતુ સાથે આ સપ્તાહ મનાવાય છે. માતાનું દૂધ એક સંપૂર્ણ આહાર છે. જેમાં બાળકની જરૂરિયાતના તમામ પોષક તત્વો યોગ્ય પ્રમાણમાં હોય છે. જેને શિશુ સરળતાથી પચાવી શકે છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયને પણ માતા કહી છે. પ્રાચીનકાળમાં ભગવાન શ્રી કૃષ્ણ ગાયનું દૂધ સીધું જ દોહીને પીતા હતા. એવી જ રીતે થોડાં વર્ષો પૂર્વેની જ વાત કરીએ તો મોટા ભાગે લોકો ગામડામાં રહેતા અને તેમનાં ઘરમાં જ ગાય રહેતી હતી જેનાં કારણે તેમને ચોખ્ખું દૂધ મળી રહેતું હતું. ભારતનાં ગામડાઓમાં આજે પણ ઘણી જગ્યાએ લોકો આવી જ રીતે ગાયનું સીધે સીધું જ દોહીને પીતાં હોય છે. દેશી કુળની ગાયનું દૂધ પીવાનાં ઘણા ફાયદા થાય છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે કહેવાતું હતું કે આપણાં દેશમાં દૂધની ગંગાઓ વહેતી હતી. ગાયનું દૂધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે. પણ આધુનીકીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે. કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે.

**૧. સ્નાયુની મજબૂતાઈ**

આપણે ભારતમાં પરંપરા છે કે આપણે શિશુઓ અને બાળકોને કાચું દૂધ આપીએ છીએ. જીવનનાં પ્રારંભિક તબક્કે તંદુરસ્ત સ્નાયુ બનાવવી ક્રિયા થવી ખૂબ જરૂરી છે. સ્નાયુ મજબૂતાઈ માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે. દૂધ ૨૦% વ્હેય(whey) અને ૮૦% કેસિન (casein) પ્રોટીન છે, બંને સ્નાયુઓનાં નિર્માણ માટે જવાબદાર છે.

**૨. સ્લીપ બૂસ્ટર !**

દૂધમાં ટ્રિપ્ટોફેન છે જે એમિનો એસિડ છે. ટ્રિપ્ટોફેન સુસ્તીનું કારણ બને છે તેનો અર્થ એ છે કે તમે ઊંઘ અનુભવશો! તેથી સુતા સમય પહેલાં ગરમ દૂધ ગ્લાસ ઊંઘની મજબૂત કિક આપે છે.

**૩. હાડકાં મજબુત બનાવે છે.**

મજબૂત હાડપિંજર જીવન જીવવા માટે જરૂરી છે. શરીરને તંદુરસ્ત શરીર ત્યારે કહેવામાં આવે છે જો તમારું હાડપિંજર રોજ-બ-રોજ કાર્ય કરે. હાડપિંજરને કેલ્શિયમને પસંદ છે! અને દૂધ કેલ્શિયમનો અત્યંત સમૃદ્ધ સ્ત્રોત છે, તમારા દાંતને કેલ્શિયમની જરૂર છે. દૂધનાં કપમાં ૨૭૬-૩૦૦ મિલિગ્રામ (એમજી) કેલ્શિયમ છે. દૈનિક ધોરણે પુરૂષો/સ્ત્રીઓમાં ૧૦૦૦ એમજી કેલ્શિયમ હોવું જોઈએ.

**૪. મગજ શકિત વધે છે**

સંશોધન બતાવે છે કે દૂધ મગજનાં જ્ઞાનાત્મક કાર્યને સુધારે છે. દૂધ વિટામિન બી ૧૨ નો સ્ત્રોત છે, તેમાં બી ૧૨ સારા એવા પ્રમાણમાં હોય છે. આમ દૂધ શાકાહારી લોકો માટે વરદાન છે. મગજની શકિત અને જ્ઞાનાત્મક કાર્ય માટે વિટામિન બી ૧૨ આવશ્યક છે, તે અલ્ઝાઈમર રોગનેઅટકાવવામાં મદદ કરે છે. તમારા મગજ માટે, કૃપા કરીને દૈનિક ઓછામાં ઓછું ૧ કપ દૂધ પીવો!

**૫. હાર્ટ એટેકથી બચાવે છે**

ગાય ઓમેગા-૩ ફેટી એસિડનું ઊંચું મૂલ્ય ધરાવે છે. ઓમેગા ૩ એચડીએલ (HDL) કોલેસ્ટેરોલ વધારે છે જે 'સારા' કોલેસ્ટેરોલ તરીકે ઓળખાય છે. ઓમેગા ૩ હાનિકારક રકત ગંઠાઈ જવાથી અટકાવે છે. ઓમેગા-૩ હાઈ બ્લડ પ્રેશરવાળા લોકોના બ્લડ પ્રેશર સ્તર ઘટાડે છે. ટૂંકમાં, દૂધમાં આવા તત્વો છે જે હૃદય માટે ખૂબ જ સારા છે.

**૬. એસીડીટી મટાડે છે**

ગાયનાં દૂધમાં ઓમેગા ૩, એન્ટીઓકિસડન્ટ સંયોજનો અને પ્રોટીન જેવા પદાર્થો છે જે એસીડીટી મટાડે છે.

**૭. શરીરની ચરબી ઘટાડે છે (વજન)**

દૂધમાં લિનોલીક એસિડ (સીએલએ) છે જે શરીરમાં ચરબી બાળ છે. ડેરી કેલ્શિયમ પણ શરીરમાં વજન ઘટાડે છે. દૂધમાં વિટામીન ડી હોય છે, જે ચરબીને બાળવામાં મદદ કરે છે.

**૮. કેન્સર નું જોખમ ઘટાડે છે**

દૂધમાં એન્ટિ-કેન્સર એજન્ટો હોય છે જે કેન્સર કોશિકાઓના વિકાસને અટકાવે છે. કેટલાક સંશોધન સૂચવે છે કે દૂધનો નિયમિત વપરાશ કેન્સર અટકાવે છે. આટોગો યુનિવર્સિટીનું સંશોધન અને તેના પરિણામ કહે છે કે દૂધના દૈનિક વપરાશથી આંતરડાનાં કેન્સરનું જોખમ ૩૦% જેટલું ઓછું થઈ ગયું છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે ઓછી ચરબીવાળા દૂધથી અંડાશયનાં કેન્સરનું જોખમ ઓછું થયું છે. દૂધમાં રહેલું સીએલએ-કન્જેજયુટેડ લિનોલિક એસિડ એન્ટી કેન્સર એજન્ટ માટે જાણીતું છે.

**૯. ત્વચાનો મિત્ર**

પ્રાચીન સમયથી સ્ત્રીઓ ચમકતી ચામડી માટે દૂધનો ઉપયોગ કરે છે, આજના સમયમાં પણ લોકો હળદરની પેસ્ટ અને દૂધને ચેહરા પાર ચમકતી ચામડી માટે લગાવે છે. પ્રાચીન સમયમાં રાણીઓ અને અન્ય ઉજવણી કરનારા મહિલાઓ દૂધથી સ્નાન કરતી ! દૂધ તેમની સુંદરતા માટે જવાબદાર હતું. દૂધમાં લેકિટક એસિડ મૃત ત્વચા દૂર કરે છે.

**૧૦. મેમરી, શકિત અને બુદ્ધિ**

આયુર્વેદ અનુસાર ગાયના દૂધમાં ઓજ (શકિત) વધારવાનું શ્રેષ્ઠ દ્રવ્ય છે. સારા આરોગ્ય અને યાદશકિત માટે ગાય દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ મગજના એવા પ્રદેશો વિકસાવવા માટે મદદ કરે છે. જે મેમરી અને બુદ્ધિ માટે જવાબદાર છે.

**મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

સુરતમાં ગેસ ગળતરની મોટી દુર્ઘટના

# માંગરોળમાં ગેસ ગળતરથી ચાર કામદારોના શ્વાસ રૂંધાઇ જવાથી મોત

## કામદારોએ કેમિકલવાળા ડ્રમ ખોલતા જ ચાર કામદારોને ઝેરી અસરને લઈને શ્વાસ રૂંધાયો હતા

સુરત, તા.૨

સુરતમાં ગેસ ગળતરની મોટી દુર્ઘટના સામે આવતા હડકંપ મચી ગયો છે. સુરતના માંગરોળમા આવેલ નીલમ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારની આ શ્વાસ અધ્ધર કરી દે તેવી ઘટના છે. જ્યા મોટા બોરસરા ગામે ફેકટરીમાં કામદારો કામ કરી રહ્યા હતા.

આ વેળાએ ગેસ ગળતર થતા ચાર કામદારોને ઝેરી અસર થવા પામી હતી. જેને લઈને ઉહાપોહ મચી ગયો હતો. કામદારોએ કેમિકલવાળા ડ્રમ ખોલતા જ ચાર કામદારોને ઝેરી અસરને લઈને શ્વાસ રૂંધાયો હતો. જેમાં ચારેયના મોત નિપજતા અરેરાટી મચી ગઈ હતી. બીજી બાજુ આ ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો. જ્યા હાલ તમામના મૃતદેહને પીએમ અર્થે કીમની સાધના હોસ્પિટલમાં લવાયા હતા.

મૃતકના ભાઈનો આરોપ છે કે કંપનીવાળા સાબુની ફેક્ટરીના નામે ફેક્ટરી ચલાવે છે અને કેસ રફેદફે કરવાની ફિરાકમાં છે. જો કે સાબુની આડમાં કેમિકલની ફેક્ટરી ચલાવતા હોવાનો સીધો આક્ષેપ મૃતકના ભાઈએ કર્યો છે. મૃતક કામદારને માત્ર ૧૨ હજાર પગાર હતો. હાલ તેમના મોત બાદ તેમના પરિવારમાં ત્રણ બાળકો અને પત્ની નોંધારા બની ગયા છે. ત્યારે પરિવારે ન્યાયની માગ કરી રહ્યો છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે તેમની સામેનો કેસ અપવાદ છે

# મોદી સરનેમ કેસમાં રાહુલ ગાંધીનો માફી માંગવાનો ઈન્કાર

## ચુકાદા પહેલા રાહુલ ગાંધી પાસે માફી માગીને છૂટવાની તક હતી પરંતુ હવે રાહુલનું શું થશે તે ૪ ઓગસ્ટે ખબર પડશે

અમદાવાદ, તા.૨

મોદી સરનેમ માનહાની કેસમાં દોષી ઠરીને ૨ વર્ષની સજા મેળવનાર રાહુલ ગાંધીએ આ કેસમાં માફી માગવાનો ઈક્રાર કરી દીધો છે. હકીકતમાં રાહુલ ગાંધીએ તેમની ૨ વર્ષની સજાના ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમમાં પડકાર્યો છે અને સુપ્રીમ ચુકાદા પહેલા રાહુલ ગાંધીએ એક એફિડિવેટે દાખલ કરીને આ કેસમાં માફી ન માગવાની ઘસીને ના પાડી દીધી છે. માફી ન માગવા પાછળનું કારણ કહેતા રાહુલ ગાંધીએ કહ્યું કે માફી માગવાનો તો કોઈ સવાલ જ ઊભો થતો નથી કારણ કે પ્રથમ દ્રષ્ટિએ મારી સામે માનહાનીનો કોઈ કેસ બનતો નથી.

રાહુલ ગાંધીએ કહ્યું કે તેમની સામેનો કેસ અપવાદ છે, જેને ધ્યાનમાં રાખીને સજા પર રોક લગાવવી જોઈએ. રાહુલ ગાંધીએ શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને પૂર્ણેશ મોદી દ્વારા દાખલ કરવામાં આવેલા ૨૦૧૯ના માનહાનિના કેસમાં તેમની સજા પર રોક લગાવવાની માંગ કરી છે.

રાહુલે પોતાની એફિડેવિટમાં કહ્યું કે "પૂર્ણેશ મોદીએ મારી સામે 'ઘમંડી' શબ્દનો ઉપયોગ ફક્ત એટલા માટે કર્યો હતો કારણ કે તેમણે માફી માંગવાનો ઈનકાર કર્યો હતો અને આ મામલો કોર્ટ પર છોડી દીધો હતો. માફી માંગવાથી આ કેસમાં ચાલી રહેલી સુનાવણીની દિશા બદલાઈ શકે છે. ઉપરાંત ફોજદારી પ્રક્રિયા અને આરપી એક્ટ હેઠળ તેના પરિણામોનો ઉપયોગ કરવો એ પણ કોર્ટમાં ચાલી રહેલી પ્રક્રિયાનો દુરુપયોગ હોઈ શકે છે. કોઈ પણ જનપ્રતિનિધિને કોઈ ભૂલ વગર માફી માંગવાની ફરજ પાડી શકાય નહીં. આ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ગુનાહિત પ્રક્રિયાની સાથે ન્યાયિક પ્રક્રિયાનો ઘોર દુરુપયોગ સમાન છે અને સુપ્રીમ કોર્ટે તેને સ્વીકારવું જોઈએ નહીં.

સુપ્રીમ કોર્ટ હવે આ મામલે ૪ ઓગસ્ટના રોજ સુનાવણી કરશે. રાહુલ ગાંધીએ તેમની સજાના ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમમાં પડકાર્યો છે. ચુકાદા પહેલા રાહુલ ગાંધી પાસે માફી માગીને છૂટવાની તક હતી પરંતુ હવે રાહુલનું શું થશે તે ૪ ઓગસ્ટે ખબર પડશે.

આગામી સમયથી પોર્ટલ મારફતે કાર્યવાહિ કરવા આદેશ

# ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદીલ કરવા ભૂપેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

## હવે ફરજિયાત ઓનલાઈન પોર્ટલ મારફતે જ કાર્યવાહી કરવા ચેરીટી કમિશ્નરને સૂચના આપવામાં આવી છે

ગાંધીનગર, તા.૨

રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ વધુ પારદર્શક વહીવટ માટે ટેકનોલોજીની મદદથી ડીજીટાઈઝેશન પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યારે ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદિલ કરવા અંગેની કાર્યવાહી જે મેન્યુઅલ કરવામાં આવતી હતી તેને હવે ફરજિયાત ઓનલાઈન e-Auction Portal Application મારફતે હાથ ધરવા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

પ્રવક્તા મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલા ટ્રસ્ટોના વહીવટના નિયમન કરવા અંગેની કામગીરી ચેરિટીતંત્ર કરે છે. અત્યાર સુધી ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ની કલમ-૩૬ હેઠળ ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદિલ કરવા અંગેની કાર્યવાહી મેન્યુઅલ કરવામાં આવતી હતી. અ ા કાર્યવાહીને લીધે તંદુરસ્ત સ્પર્ધાને અભાવે સિન્ડિકેટ થવાની, ઈજારાશાહી વધવાની તથા સ્પર્ધાત્મક ભાવ ન મળવાની શકયતાઓ રહેતી હતી. જેથી આ કાર્યવાહી વધુ પારદર્શક પધ્ધતિથી અને પ્રવર્તમાન સમયમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલકતનું યોગ્ય મૂલ્યાંકન થાય તે માટે કલમ-૩૬ હેઠળની કાર્યવાહી કે જે હાલ મેન્યુઅલી કરવામાં આવતી હતી તેના બદલે આ કાર્યવાહી e-Auction Portal Application મારફતે ફરજીયાત હાથ ધરવા નિર્ણય કરવામાં આવ્યો છે. મંત્રીએ કહ્યું કે, આ અંગે કાયદા વિભાગ દ્વારા ઠરાવ કરી e-Auction Portal Application મારફતે કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવ્યું છે. એટલું જ નહિ, આ ઠરાવ અગાઉ કલમ-૩૬ હેઠળની આપેલી જાહેરાત કે જે અન્વયેની પ્રક્રિયા પૂર્ણ થયેલી નથી તેવી જુદી-જુદી કચેરીઓમાં કુલ-૨૫૭ અરજીઓ પેન્ડીંગ સ્થગિત કરી નવેસરથી e-Auction Portal Application મારફતે જ કાર્યવાહી હાથ ધરવા ચેરીટી કમિશનરને સૂચના આપવામાં આવી છે.

હિન્દી સિનેમા જગત માટે એક આંચકાજનક સમાચાર

# બોલિવૂડના જાણીતા આર્ટ ડિરેક્ટર નિતિન દેસાઈનો આપઘાત

## નિતિન દેસાઈએ કર્જતમાં તેમના એન. ડી. સ્ટુડિયો ખાતે મૃત અવસ્થામાં મળી આવ્યા, આર્થિક ભીંસમાં ફસાઈ જતા આપઘાત કર્યાનું અનુમાન

મુંબઈ, તા.૨

હિન્દી સિનેમા જગત માટે એક આંચકાજનક અહેવાલ આવ્યા છે. બોલીવૂડના પ્રસિદ્ધ આર્ટ ડિરેક્ટર નિતિન દેસાઈએ આપઘાત કરી લીધો છે. તેમના મૃત્યુના અહેવાલ સામે આવતા જ દરેકને આંચકો લાગ્યો હતો. સિનેમા જગતમાં સન્નાટો પ્રસરી ગયો હતો. નિતિન દેસાઈએ કર્જતમાં તેમના એન.ડી.સ્ટુડિયો ખાતે મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. પોલીસે અત્યાર સુધી તેમના મૃત્યુના કારણ વિશે વધુ માહિતી આપી નથી. પણ એવા અહેવાલ છે કે તેમણે આપઘાત કર્યો છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને વધુ તપાસ હાથ ધરી હતી. માહિતી અનુસાર નિતિન દેસાઈએ સવારે ૪:૩૦ વાગ્યે એન.ડી.સ્ટુડિયોમાં ફાંસો ખાઈ લીધો હતો. પૈસાની તંગીના લીધે તેમણે જીવન ટૂંકાવ્યો હોવાની ચર્ચા થઈ રહી છે.

કર્જતના ધારાસભ્ય મહેશ બાલ્ડીએ કહ્યું કે નિતિન દેસાઈના મૃત્યુ સંબંધિત માહિતી શેર કરી હતી. તેમણે કહ્યું કે આર્થિક ભીંસમાં ફસાઈ જવાને કારણે તેમણે આપઘાત કર્યો છે.

વરસાદને લઈને હવામાન વિભાગની આગાહી

# ૪ ઓગસ્ટથી રાજ્યમાં વરસાદનું જોર વધશે

અમદાવાદ, તા.૨

રાજ્યમાં વરસાદને લઈને હવામાન વિભાગની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં ૪ ઓગસ્ટથી રાજ્યમાં વરસાદનું જોર વધશે. આગામી ૪ દિવસ રાજ્યના મોટાભાગના જિલ્લામાં વરસાદ રહેશે જ્યારે ૪ અને ૫ ઓગસ્ટે ભારેથી અતિભારે વરસાદ રહેશે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આવનારાં દિવસોમાં પવનની ગતિમાં વધારો થશે પરિણામે રાજ્યમાં વરસાદ વરસી શકે છે. અત્યાર સુધીમાં રાજ્યમાં સીઝનનો ૯૨% વરસાદ નોંધાયો ત્યારે હવામાન વિભાગની આગાહી અનુસાર આવનારાં ૪ દિવસોમાં પણ આ જિલ્લાઓમાં વરસાદ વરસી શકે છે.અમદાવાદમાં છૂટોછવાયો વરસાદ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ધીમીધારે વરસાદની શક્યતા જ્યારે દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભારેથી મધ્યમ વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગનાં ડાયરેક્ટર મનોરમા મોહન્તીએ કહ્યું કે,'ગુજરાતમાં આવનારાં ૪-૫ દિવસોમાં વરસાદ પડશે. સૌરાષ્ટ્ર-કચ્છનાં વિસ્તારમાં ઓછો વરસાદ પડશે પરંતુ બાકીનાં વિસ્તારમાં ૪ અને ૫ ઓગસ્ટનાં ભારે વરસાદની પરિસ્થિતિ સર્જાઈ શકે છે. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળની ખાડીમાં ડિપ્રેશનની સ્થિતિ હોવાને લીધે ગુજરાતમાં હાલમાં પવનની ઝડપ ઘણી વધારે છે.

જેના લીધે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસી શકે છે.'હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે વરસાદને લઈ મહત્વપુર્ણ આગાહી કરી છે. તેમણે કહ્યું કે, ૨-૩ ઓગસ્ટે બંગાળના ઉપસાગરમાં ટર્ફ સર્જાશે જેને લઈ ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં થઈને ગુજરાતમાં વરસાદનું જોર રહેશે. તેમણે જણાવ્યું કે, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રમાં વરસાદ રહેશે જ્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ૨થી ૫ ઓગસ્ટ સુધી વરસાદ રહેશે.

# અમરેલી ખાતે રોટરેક્ટ ક્લબ(ગીર) દ્વારા તિરંગા યાત્રા યોજાઈ






તિરંગા–મશાલ યાત્રા ૨૬ જુલાઈ કારગીલ વિજય દિવસ નિમિત્તે આપણા દેશનાં વીર જવાનોની શહાદતને વિરાજંલીનાં ભાગરૂપે મશાલ રેલી અને તીરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી જિલ્લા યુવા મોરચાનાં પૂર્વ પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, અમરેલી નગરપાલિકાના કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, અમરેલી જિલ્લા યુવા મોરચાના મહામંત્રી મૌલિકભાઈ ઉપાધ્યાય, હરીભાઈ કાબરીયા, ચિરાગભાઈ ચાવડા, ડી.જી.મહેતા, પીયુષભાઈ ભટ્ટ, હરેશભાઈ જોષી, વિશ્વ હિન્દુ પરિષદમાંથી રશ્મીનભાઈ ત્રિવેદી, પ્રકાશભાઈ રાજગોર, કૃણાલ ત્રિવેદી, રવિરાજભાઈ શેખવા, હાર્દિકબાપુ ગોસ્વામી તથા બજરંગ દળનાં સહ સંયોજક જિગીષુ મેહતા તથા રોટરેકટ કલબ ઓફ અમરેલી ગીરનાં પ્રમુખ આકાશ જોષી, મહામંત્રી પ્રિયાંકભાઈ પંડયા તથા સભ્યો, મયુરભાઈ ગઢીયા, આશીષ ગોહેલ, કંદર્પ ધોળકિયા, સાગર મહેતા, જીગર ભટ્ટ, યશ મિરાણી, પ્રિયાંક પંડયા, કેતન મહેતા, વિદુર પાથર, સુભાષ ડાભી, ઉદય જોશી, માધવભાઈ શુકલ, જયદીપભાઈ વ્યાસ, કૃણાલભાઈ વ્યાસ, પ્રતાપભાઈ રાઠોડ હાજર રહ્યાં હતાં.

પાના ૧ ઉપરનું ચાલું

## ''કોફી વીથ કલેકટર'' કાર્યક્રમ યોજાયો

કારકિર્દીલક્ષી સફળતા મેળવવા માટે જીવનમાં સાતત્ય ખૂબ જરૂરી છે. કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે અગાઉથી તૈયારી કરવી અને રોજે રોજ તેની તૈયારી કરતી રહેવી જોઈએ, સાતત્યથી સફળતા મળે છે. આ પ્રસંગે હેન્ડબોલનાં ખેલાડી સુમિતાબેન હડિયા, માનસીબેન ગજેરા, દિવ્યાબેન સોંલકી, કેશવીબેન ભાડ, ઈશાનાબેન ચૌહાણ, ઉર્મિલાબેન ચૌહાણ, પ્રિયાંશીબેન ધાધલ, શુટિંગ પ્લેયર હિરપરા હસ્તીબેન, વિદ્યાર્થી અનુગ્રહભાઈ પોલેરા, ઝીલબેન સાનેપરા, કિવઝ પ્લેયર દ્રષ્ટિબેન માંડવીયા, કરાટે પ્લેયર અલ્ફીઝાબેન ભટ્ટી, આરોગ્ય ક્ષેત્રે સફળતા મેળવનાર જલ્પાબેન જોગરાણા, દેવાંશીબેન ગોંડલીયા, વકૃત્વ સ્પર્ધામાં રાજય કક્ષાએ દ્વિતિય ક્રમ મેળવનાર આસ્થાબેન જનમાર, કલા મહાકુંભમાં લોકનૃત્યમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવનાર નિરાલીબેન પરમારનું કલેકટરના હસ્તે ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરે વિદ્યાર્થીનીઓ સહિત ઉપસ્થિત સર્વને ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

## અવસાન નોંધ

**અમરેલી :** સુરત નીવાસી પ્રભાકરકુમાર ચંદ્રકાંતભાઈ જોશીના પુત્ર કુકુલભાઈ (ઉં.વ.૪૬) તે અમરેલી નિવાસી સ્વ.જયસુખભાઈ લાભશંકર ભટ્ટ તથા કપિલભાઈ લાભશંકર ભટ્ટના ભાણેજ તેમજ સુભાષભાઈ રમણીકલાલ અધ્યારૂના માસીના દીકરા તા.૧ના રોજ સુરત મુકામે કૈલાશવાસી થયેલ છે. તેમની સાદડી જીવન મુકેશ્વર મંદિર રેલવે સ્ટેશન સામે, અમરેલી ખાતે તા.૩ ને ગુરૂવારના સાંજે ૪ થી ૬ દરમિયાન રાખવામાં આવેલ છે.

**અમરેલી :** જાફરાવાદ વાળા સ્વ.ચંપકલાલ કમળશી જોશીના પુત્ર સંજયભાઈના ધર્મપત્ની જાગૃતિબેન જોષી (ઉં.વ.૫૬) તે અમરેલી નિવાસી ગ.સ્વ.રંજનબહેન હસમુખભાઈ ભટ્ટના ભાભી તથા ગોપાલ, ભાવિનના મામી તથા છાયાબેન કપિલભાઈ ભટ્ટના કાકી તા.૧ને મંગળવારના કૈલાશવાસી થયેલ છે. તેમની સાદડી જીવન મુકેશ્વર મંદિર રેલવે સ્ટેશન સામે,અમરેલી ખાતે તા.૩ ને ગુરૂવારના સાંજે ૪ થી ૬ દરમિયાન રાખવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલામાં અનેક વિસ્તારોમાં

લાલજીભાઈ દવાવાળા પાસે ૩૦ ફૂટ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જાય છે ને વરસાદી પાણી સાથે ગટરના ગંદા પાણી ભરાઈ જવાને કારણે વાહન ચાલકો,રાહદારીઓ અને રખડતાં ભટકતા ઢોરની સમસ્યા વેપારીઓ માટે માથાના દુ:ખાવા સમાન સાબિત થઈ રહી છે ત્યારે સાવરકુંડલા અમરેલીનો આ સ્ટેટ હાઈવે આર.એન્ડ.બી. વિભાગ દ્વારા નવો રોડ બનવાથી મેઈન બજારના પાણી નિહાર અંગે યોગ્ય પાઈપ લાઈન ફીટ ના કરતા મેઈન બજારમાં આગળના ભાગમાં ત્રાહિમામ પોકારી ઉઠીએ તે પ્રકારની ગંદકી અને અસહ્ય દુર્ગંધથી વેપારીઓ અને રસ્તે નીકળતા રાહદારીઓ પરેશાની ભોગવી રહ્યા છે આર.એન્ડ બી.વિભાગની બેદરકારીને કારણે પાલિકાને ભોગવવાનું આવ્યું હોય ત્યારે પાણી ભરાવવાની સમસ્યામાંથી કયારે છુટકારો મળશેતેવા સવાલો વેપારી આલમમાં ઉઠી રહ્યા છે.

### ચેરમેન દીપક માલાણીએ શુભ શરૂઆત કરાવી

## સા.કુંડલાનાં માર્કેટયાર્ડમાં નવા કપાસની આવક થતાં હરરાજીનો વિધિવત પ્રારંભ

### મુહુર્તનાં સોદામાં પ્રતિ મણ ભાવ રૂપિયા ૨૧૨૧ બોલાયા

અમરેલી, તા. ૨

સાવરકુંડલા માર્કેટયાર્ડમાં નવા કપાસની આવક શરૂ થતાં ચેરમેન દિપકભાઈ માલાણીનાં હસ્તે હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી. મુહર્તના સોદામાં રૂા. ૨૧૨૧ પ્રતિમણનાં ભાવ બોલાતા ખેડૂતોમાં ઉત્સાહ છવાયો હતો.

સાવરકુંડલા ખાતે આવેલ માર્કેટયાર્ડમાં સિઝનનાં નવા કપાસની આજે આવક થતાં નેસડી ગામના ખેડુત બાવચંદભાઈ સવજીભાઈ કથીરીયાએ નીરવ ટ્રેડર્સનાં કમીશનમાં વેચવા માટે આવેલ હતાં. સિઝનના નવા કપાસનાં શ્રીગણેશ થયેલ હોય, જેનો ચેરમેન દિપકભાઈ માલાણીનાં હસ્તે વિધીસર પુજન કરી શ્રીફળ વધેરીને મોં મીઠું કરાવીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી.




કપાસ ખરીદનાર વેપારી, તેમજ યાર્ડના સેક્રેટરી જે.વી.માલાણી, આસી. સેક્રેટરી મુકેશભાઈ ત્રિવેદી, ઈન્સ્પેકટર વનરાજભાઈ ખુમાણ, ઓક્ષનર વિનુભાઈ અગ્રાવત, હિતેશભાઈ જોષી તેમજ સ્ટાફગણ, ડીરેકટરોની ઉપસ્થિતિમાં કપાસ ખરીદનાર વેપારીઓમાં મુહુર્તનો કપાસ ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા બાપાસિતારામ ટ્રેડર્સવાળા ભરતસિંહ ગોહિલ દ્વારા રૂા. ૨૧૨૧ ની ઉંચી બોલી બોલીને મુહુર્તનો કપાસ ખરીદ કરેલ હતો.

મુહુર્તનાં સારા ભાવ બોલાતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો. તેમ આસી. સેક્રેટરી મુકેશભાઈ ત્રિવેદીની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરાનાં લુણકી ગામનાં

સરપંચ સહિતના સભ્યો તાલુકા પંચાયત પ્રમુખ ખાતે તાલુકા વિકાસ અધિકારીને રૂબરૂ મળી વિવાદી મંત્રીને તાત્કાલીક અસરથી બદલી કરવામાં આવે તેવી માંગ સાથે ઉગ્ર રજુઆત કરી હતી. અને જો એક અઠવાડિયામાં મંત્રીની બદલી નહિ કરવામાં આવે તો ગ્રામ પંચાયત કચેરીને તાળાબંધી કરી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ સરપંચ સહિતના સભ્યો દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

બાબરા તાલુકાના લુણકી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા સુભાષભાઈ પટેલ પાંચ વર્ષથી ફરજ બજાવે છે પણ પંચાયતના રોજમેળ, ઠરાવબુક સહિતનું દફતર પોતાની પાસે રાખી પંચાયત કચેરીએ અનિયમિત આવતા લોકોના કામ ખોરંભે ચડી રહ્યા છે. જેના કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. ત્યારે ગ્રામ પંચાયત સરપંચ રશ્મિતાબેન કથીરીયા સહિતના પંચાયતના સભ્યો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજુઆત કરી કચેરીમાં અનિયમિત આવતા ગ્રામ પંચાયત મંત્રીની તાકીદે બદલી કરવામાં નહિ આવે તો કચેરીને તાળાબંધી કરી ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેવું જણાવ્યું હતું.

ગ્રામ પંચાયત મંત્રી કચેરીના સરપંચ સહિતના સભ્યોને વિસમાં લેતા નથી. કચેરીનું દફતર સાથે લઈને ફરી રહ્યા છે લોકો વેરો ભરવા માટે કચેરીમાં ધકકા ખાઈ રહ્યા છે તેમજ ઠરાવ થયા છે તેંનું કોઈ સ્પષ્ટ કરતા નથી. એકપણ કામની દરકાર લેતા નથી જેના કારણે ખુબજ વહીવટી કામમાં મુશ્કેલીઓ પડી રહી હોવાનું સરપંચ દ્વારા અંતમાં જણાવ્યું હતું.


## સંકુલ B.Sc. & M.Sc. કોલેજ પ્રવેશ ચાલુ

★ Major માઈક્રોબાયોલોજી – Minor બાયોટેકનોલોજી – Inter બાયોકેમેસ્ટ્રી

★ Major બાયોટેકનોલોજી – Minor માઈક્રોબાયોલોજી – Inter બાયોકેમેસ્ટ્રી

★ Major કેમેસ્ટ્રી – Minor માઈક્રોબાયોલોજી – Inter બાયોટેકનોલોજી

★ M.Sc. માઈક્રોબાયોલોજી – M.Sc. બાયોટેકનોલોજી – M.Sc. બાયોકેમેસ્ટ્રી – M.Sc. કેમેસ્ટ્રી & PG - DMLT કોલેજ પ્રવેશ ચાલુ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચલાલા રોડ, અમરેલી ★ ફોન: Ad 054


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૬૧૦ |
| ૨ | શિંગ મોટી | ૧૫૦૦ | ૧૭૬૫ |
| ૩ | શિંગદાણા | ૧૬૯૦ | ૨૩૫૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૭૮૧ | ૨૦૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૫૪૦ |
| ૬ | તલ કાળા | ૧૮૭૫ | ૩૩૪૩ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૪૯૭ | ૩૪૯૭ |
| ૮ | બાજરો | ૩૫૯ | ૪૫૧ |
| ૯ | જુવાર | ૬૧૦ | ૯૨૭ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૫ | ૫૩૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૭ | ૫૩૫ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૦૨૧ |
| ૧૩ | ચણા દેશી | ૯૭૮ | ૯૭૮ |
| ૧૪ | તુવેર | ૧૧૩૦ | ૧૮૫૬ |
| ૧૫ | કપાસ | ૧૦૭૯ | ૧૫૧૨ |
| ૧૬ | એરંડા | ૧૦૫૦ | ૧૨૦૨ |
| ૧૭ | ગમ ગુવાર | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૧૮ | ધાણા | ૮૦૦ | ૧૩૦૫ |
| ૧૯ | ધાણી | ૧૫૫૨ | ૧૫૫૨ |
| ૨૦ | મેથી | ૧૧૦૦ | ૧૩૦૫ |
| ૨૧ | સોયાબીન | ૮૭૦ | ૯૪૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૧ | ૧૫૧૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૧ | ૧૩૮૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૫૧ |
| ૩ | શીંગ દાણા | ૧૭૦૦ | ૧૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૯૫૦ | ૩૫૫૦ |
| ૫ | તલ કાળા | ૨૮૨૫ | ૩૩૨૦ |
| ૬ | જીરૂ | ૧૦૫૦૦ | ૧૧૫૦૦ |
| ૭ | કપાસ | ૧૦૮૦ | ૧૪૭૬ |
| ૮ | નવો કપાસ | – | ૨૧૨૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૭૩ |
| ૧૧ | બાજરો | ૪૦૦ | ૪૩૨ |
| ૧૨ | જુવાર | ૬૦૦ | ૮૩૫ |
| ૧૩ | ચણા | ૯૧૦ | ૯૮૧ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૧૯૩ |
| ૧૫ | ધાણા | ૧૫૦૦ | – |
| ૧૬ | સોયાબીન | ૯૨૫ | ૯૬૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૪૫ | ૧૪૫૧ |
| ૨ | સોયાબીન | ૮૬૧ | ૮૬૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૩૭૫ |
| ૨ | ચણા | ૬૯૫ | ૯૪૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૭૩ | ૫૩૫ |
| ૪ | તલ સફેદ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૫ | સોયા | ૯૩૮ | ૯૪૩ |
| ૬ | શીંગદાણા | ૧૬૫૦ | ૨૧૬૦ |
| ૭ | ધાણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૮ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૪૭૦ |
| ૯ | જુવાર | ૫૨૦ | ૫૨૦ |
| ૧૦ | તલ કાળા | ૩૧૫૦ | ૩૧૫૦ |
| ૧૧ | લસણ | ૧૩૩૫ | ૨૧૨૨ |
| ૧૨ | રજકા બી | ૩૦૦૦ | ૩૦૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૩૦૦ | ૧૩૫૬ |
| ૨ | ચણા | ૮૪૫ | ૯૦૦ |
| ૩ | તુવેર | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૪ | શીંગ દાણા | ૧૯૦૦ | ૨૨૮૫ |
| ૫ | છોલે ચણા | ૨૦૦૫ | ૨૦૦૫ |
| ૬ | સોયાબીન | ૯૦૧ | ૯૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૨ | તલ સફેદ | ૩૩૯૦ | ૩૪૫૮ |
| ૩ | કપાસ | ૧૧૭૫ | ૧૪૬૦ |
| ૪ | બાજરો | ૪૬૨ | ૪૬૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૯ | ૪૭૫ |
| ૬ | જુવાર | ૬૦૧ | ૧૦૧૦ |
| ૭ | મગ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૮ | અજમા | ૨૯૨૯ | ૨૯૨૯ |
| ૯ | ચણા | ૯૬૦ | ૯૬૦ |
| ૧૦ | છોલે ચણા | ૧૬૦૦ | ૧૬૦૦ |

# ચલાલા ખાતે ચલાલા લોહાણા મહાજન દ્વારા ૩૦મો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો






ચલાલા લોહાણા મહાજનનાં માર્ગદર્શન મુજબ જલારામ યુવક મંડળ દ્વારા તારીખ ૩૦–૭–૨૩ અને રવિવારના રોજ ચલાલા લોહાણા મહાજન વાડીમાં રઘુવંશી સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓનો ૩૦ મો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. આ સમારંભમાં સાવરકુંડલા લોહાણા મહાજનનાં આગેવાનો, અમરેલી લોહાણા મહાજન આગેવાનો તેમજ જસદણથી પધારેલ રાજકોટ સોનલબેન વસાણી, રાજકોટથી પધારેલ મહેશભાઈ નગદીયા સહીતનાં બહારગામથી આગેવાનો આમંત્રણને માન આપીને તેજસ્વી તારલાઓનાં સન્માન સમારંભમાં હાજરી આપેલ હતી. આ તકે લોહાણા મહાજનનાં મંત્રી પ્રકાશભાઈ કારીયાએ આભાર વિધિ દ્વારા સૌ મહેમાનોનું સ્વાગત કરેલ હતું. મહેશભાઈ નગદીયા, એડી રૂપારેલ અને સોનલબેન વસાણીએ વકતવ્ય દ્વારા પ્રેરણાદાયી માર્ગદર્શન આપેલ. અંતમાં ચલાલા લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણીએ સૌનો આભાર વ્યકત કરેલ હતો. આ સરસ્વતી સન્માન સમારોહમાં કુલ ૨૮ તેજસ્વી તારલાઓને શિલ્ડ અને શૈક્ષણિક કીટ સહિતનાં ઈનામો આપેલા હતા. અંતમાં સાંજનાં સૌ જ્ઞાતિ બંધુઓએ સાથે બેસી ભોજન પ્રસાદ લીધેલ હતો. એમ સંજય કારીયાની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

# સાવરકુંડલામાં વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા વિપશ્યના ધ્યાન પરિચય શિબિર યોજાઈ

(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૨



વર્તમાન સમયમાં માનવી પૈસા કરતાં વધુ મનની શાંતિ માટે ભટકી રહ્યો છે નાણા તો કોઈપણ રસ્તે કમાઈ લે છે. પરંતુ મનની શાંતિ કયાંય બહારથી ખરીદી શકાતી નથી.

આ માટે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રી બુદ્ધ દ્વારા જાગૃત કરાયેલ મેડીટેશન સાધના કે જેને વિપશ્યના કહેવામાં આવે છે તે જ એક અંતિમ ઉપાય છે. આ ધ્યાન સાધના આટલા વર્ષો પછી પણ પ્રાસંગિક છે આ વિપશ્યના ધ્યાન વિધિમાં કોઈપણ ધર્મ કોઈ પણ સંપ્રદાય કોઈપણ જ્ઞાતિ કોઈપણ જાતિ પોતાની ધાર્મિક કે સામાજિક માન્યતાઓને છોડયા વગર વિપશ્યનામાં જોડાઈને મનની શાંતિનો જાતે જ અહેસાસ કરી શકે છે. તાજેતરમાં જ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલાનાં ટ્રસ્ટી અને વિપશ્યના મેડીટેશન કેન્દ્ર ધમ્મપાલી પાલીતાણાનાં આજીવન સમર્પિત બેન ચંદ્રિકાબેન દ્વારા આશરે ૫૦૦ સાધકો માટે સાવરકુંડલામાં એક દિવસે વિપશ્યના પરિચય શિબિરનું આયોજન કર્યુ હતું. જેમાં માર્ગદર્શક તરીકે રાજકોટ ભાભા ગ્રુપ ઓફ હોટલનાં માલિક રાજુભાઈએ સતત બે કલાક સુધી મેડીટેશનની પ્રારંભિક પાયાની ક્રિયા આનાપાન વિશે વિસ્તૃત જાણકારી આપીને તેનો પ્રયોગ કરાવીને હાજર તમામને મનની શાંતિની એક ઝલક બતાવી હતી. આ ઉપરાંત રાજકોટ રોજર મોટર્સ અને ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલના ક્રિપાલસિંહ જાડેજાએ પોતે વિપશ્યનામાં જોડાયા પછી થયેલા ફાયદાઓ જણાવ્યા છેલ્લે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખેલ અને ત્યારબાદ સાવરકુંડલાનાં ફ્રીલાન્સ જર્નાલિસ્ટ અને સનરાઈઝ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ કે જેમણે મેડીટેશનની તમામ પદ્ધતિનો સમયાંતરે શિબીરોમાં ભાગ લઈ જાતે જ અનુભવ કર્યો છે, તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિપશ્યના એકમાત્ર સાયન્ટિફીકલી પુરવાર થયેલ ધ્યાન પદ્ધતિ છે અને જે રોગો સાયકોસોમેટિક જેને કહેવામાં આવે છે જે મન સાથે જોડાયેલાં છે. જેમાં ડાયાબિટીસ, બ્લડપ્રેશર, આંતરડાના ચાંદા એટલે કે અલ્સર, માઈગ્રેન, આધાશીશી, ડિપ્રેશન, માથાનો દુખાવો, કાલ્પનિક ડર, ભય વગેરે ૧૦૦ એ ૧૦૦% વિપશ્યના સાધના જો ધીરજ પૂર્વક કરવામાં આવે તો જડમૂળમાંથી નીકળી જાય છે તેવું જણાવેલ. કાર્યક્રમના અંતમાં ચંદ્રિકાબેન કામદારે હાજર દરેકને ધમ્મપાલી કેન્દ્ર પાલીતાણમાં એક ૧૦ દિવસીય શિબિર માટે આમંત્ર્યા હતા.

અત્યારે ખાસ નોંધનીય બાબત એ છે કે આ વિપશ્યનાંની તમામ રેસીડેન્સીયલ શિબીરો તદ્દન નિઃશુલ્ક હોય છે. તેમાં રહેવા જમવા અને પોતાના કપડાં ધોવા સહિતની સુવિધા તદ્દન ફ્રી હોય છે. એક પણ રૂપિયો ચાર્જ લેવામાં આવતો નથી. આ યોજાયેલ શિબિરનું સંચાલન કનુભાઈ ગેડિયા તથા ડોકટર પ્રકાશભાઈ કટારીયા દ્વારા ભોજનની સુંદર વ્યવસ્થા સાથે કરાયું હતું.

### નવાબંદર ખાતે બની રહેલ જેટીના ડમ્પર ચાલકની ગતિની મર્યાદા જરૂરી

# અરેરાટી : ઉનાનાં દેલવાડા માર્ગ પર ડમ્પર ચાલકે બાઈક સવાર દંપતિને હડફેટે લેતા પતિની નજર સામે પત્નીનું મોત

### શહેરમાં રાઉન્ડ ધ કલોક મહાકાય વાહનો પસાર થતાં હોય કાર્યવાહી જરૂરી


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા.૨

ગીર ગઢડા તાલુકાના ફુલકા ગામના દંપતી પોતાનું બાઈક લઈ દેલવાડા ગામ તરફથી ઉના તરફ આવી રહેલ હોય ત્યારે ઉનાના વિદ્યાનગર વિસ્તાર પાસે પહોંચતા પાછળથી નવાબંદર જેટીના ખનીજ પરિવહનમાં ઉપયોગમાં લેવાતા કાળમુખા ડમ્પરે પાછળથી બાઈકને ટક્કર મારતા બાઈક સવાર દંપતિ ફંગોળાઈ જતા બાઈકમાં સવાર મહિલા પર ડમ્પરનું વ્હીલ ફરી વળતાં ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નીપજતા લોકોના ટોળે ટોળા એકઠા થયા હતા અને બાઈક ચાલક યુવકને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ગીર ગઢડા તાલુકાના ફૂલકા ગામે રહેતા મોહનભાઈ ભીખાભાઈ વંશ ઉંમર વર્ષ ૩૫ તથા મનિષાબેન મોહનભાઈ વંશ બંને દંપતી જીજે ૩ર એમ ૪૬૧૦ નંબરનું બાઈક લઈ દેલવાડા તરફથી ઉના આવી રહેલ હોય ત્યારે વિદ્યાનગર વિસ્તાર પાસે પહોંચતા પાછળથી પૂર ઝડપે આવી રહેલ નવાબંદર જેટીના જીજે ૩ટી ૭૧૧૩ નંબરના ડમ્પર ચાલકે બાઈક સવાર દંપતીને અડફેટે લેતા મનિષાબેન મોહનભાઈ વંશ (ઉ.૩૧) ના માથા પર ડમ્પર નું વ્હીલ ફરી વળતાં ઘટના સ્થળે જ મોત નિપજયું હતું જયારે પતિ મોહનભાઈ ભીખાભાઈ વંશ (ઉં ૩૫) રહે ફુલકા તાલુકો ગીર ગઢડા વાળાઓને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફતે ઉના સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા જયારે અકસ્માત સર્જનાર ટ્રક ચાલક ટ્રક મૂકી નાસી જતા ઉના પોલીસે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

### ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ 'ચૌકાવનારો આક્ષેપ'કરતા

# સાવરકુંડલાનાં બગોયા ગામનાં યુવાનનાં શંકાસ્પદ મોતની તપાસ શરૂ કરાઈ

### મૃતક યુવકનો વિડીયો બે વર્ષ જુનો હોવાનું જણાવાયું

સાવરકુંડલા, તા.૨

સાવરકુંડલા તાલુકાનાં બગોયા ગામનાં અનુ.જાતિના યુવાન અરવિંદ પરમારની ૧૦ દિવસ પહેલા લાશ મળી આવેલ હતી. જે અંગે વડાગામનાં ધારાસભ્ય જીજ્ઞેશભાઈ મેવાણી અમરેલી પોલીસ ઉપર પ્રેસ કોન્ફરન્સ કરી અમરેલી પોલીસ ઉપર અધુરી હકિકત આધારે આક્ષેપ કરેલ હતા.

જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહને ઉપરોકત વાયરલ થયેલ પ્રેસ કોન્ફરન્સ તેમજ વીડિયો/ઓડિયો કલીપ અંગે જાણ થતા તટસ્થ તપાસ કરવા સુચના આપેલ હોય જે અન્વયે સા.કુંડલા ડીવીઝનનાં નાયબ પોલીસ અધિક્ષક હરેશ વોરાનાઓનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર બનાવ અંગે તથસ્થ તપાસ કરતા નીચે મુજબની હકિકત જણાય આવેલ છે.

આ કામની સત્ય હકિકત એવી છે કે અરવિંદભાઈ ડાયાભાઈ પરમાર, (ઉ.વ.૩૨) રહે. બગોયા, તા.સા.કુંડલા વાળા ગઈ તા.૧૯/૭/૨૦૨૩ના રોજ પોતાનાં ઘરે જમવા બાબતે પોતાનાં ભાઈ તેમજ પરિવાર સાથે માથાકુટા કરી ઘરેથી જતા રહેલ. બાદ ગઈ તા.૨૧/૭/૨૦૨૩ ના રોજ આ અરવિંદભાઈ કોહવાયેલ લાશ બગોયા ગામે આવેલ આવળમાનાં ઢોળા પાસે નદી કાઠેથી મળી આવતા, જે બાબતેની પોલીસને જાણ થતા આ અરવિંદભાઈની લાશ તેના મોટાભાઈ મનસુખભાઈ તથા ગુણવંતભાઈ તથા ગામનાં સરપંચ તથા આગેવાનો સાથે કાયદેસર કાર્યવાહી અર્થે સા.કુંડલા સરકારી હોસ્પિટલ ખાતે લઈ આવતા, હોસ્પિટલનાં ફરજ પરનાં ડોકટરએ લાશ ડીકમ્પોઝ થયેલ હોવાથી ફોરેન્સીક પી.એમ. અર્થે રાજકોટ અથવા ભાવનગર લઈ જવાની સુચના કરતા, મરણ જનારના ભાઈ ગુણવંતભાઈ તેમજ તેમનાં સમાજનાં આગેવાનોએ આ મરણ જનાર અરવિંદભાઈનું મોત ઝેરી દવા કે અન્ય કારણસર થયેલ હોવાનું જણાવતા હોય, આ અંગે કોઈ પોલીસ કાર્યવાહી, ફરિયાદ કે પોસ્ટ મોર્ટમ કરવા માંગતા ન હોય, અને મોત અંગે કોઈ ઉપર શક વ્હેમ ન હોવાનું જણાવતા હોય, જેથી મરણ જનાર અરવિંદભાઈની લાશ તેઓની વિનંતી મુજબ અંતિમવિધી માટે તેમનાં પરીવાને સોંપી આપવામાં આવેલ.

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ વીડીયો બાબતે ગામનાં સરપંચ આગેવાન તેમજ મરણ જનારનાં મોટાભાઈ ગુણવંતભાઈ ડાયાભાઈ પરમાર, રહે. બગોયા તા.સાવરકુંડલાનોની પુછ પરછ દરમિયાન વાયરલ વીડિયો મેસજ બે વર્ષ પહેલાનાં ગ્રામ પંચાયતની ચુંટણી સમયનો છે. તેમજ ધારા સભ્ય જીજ્ઞેશભાઈ મેવાણીનાઓ દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં એસ.પી. અમરેલી નાઓ સાથેની ઓડીયો કલીપ વાયરલ કરેલ જે તપાસ કરતા મે–૨૦૨૨ ની જણાય આવેલ છે. જે ઓડિયો કલીપનો ફકત પ્રથમ ભાગ રજુ કરવામાં આવેલ છે. બીજો ભાગ જાહેર કરવામાં આવેલ નથી. આમ, આ બાબતેની શંકા – કુશંકાઓ દુર કરવા અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે ના.પો.અધિ. હરેશ વોરાને વધુ તપાસ અર્થે સુચના આપતા તેઓ તથા સબ ડીવી. મેજીસ્ટ્રેટ સાવરકુંડલાએ મરણ જનાર અરવિંદભાઈના પરીવારનાં સભ્યોને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરવા સમજાવતા, પરીવારનાં સભ્યો સહમત થતા, અરવિંદભાઈ દફનવિધિ કરેલ લાશ આજ રોજ તા.૧/૮/૨૦૨૩ ના રોજ સબ ડીવી, મેજીસ્ટ્રેટ સાવરકુંડલા તથા મેડીકલ ઓફિસર તથા તેમની ટીમ, એફ.એસ.એલ.અધિ તથા નાયબ પોલીસ અધિક્ષક હરેશ વોરા તથા સાવરકુંડલા રૂરલ પો.સ્ટેશનના પો.સબ ઈન્સ. જે.કે.મોરીની હાજરીમાં લાશ બહાર કાઢી લાશનું ઈન્કવેસ્ટ પંચનામું ભરી, લાશને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરવા સારૂ ભાવનગર મેડીકલ કોલેજ એન્ડ ફોરેન્સીક વિભાગમાં મોકલવામાં આવેલ છે. અને આ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત રજી. કરવામાં આવેલ છે. ઉપરોકત બનાવ અનુસંધાને વાયરલ થયેલ વીડીયો બે વર્ષ જુનો તેમજ પોલીસ અધિક્ષક સાથે વાતચીત કરતી ઓડિયો કલીપ જુની એક વર્ષ પહેલાની અને અધુરી હોવાની હકિકત જણાય આવેલ છે.




## મેના વ્રત

પાર્વતીજી બોલ્યાં : 'હે સતી ! પુરૂષોત્તમ મહિનાની શુકલ ત્રીજના દિવસે વ્રત કરનારે સવારે વહેલા ઉઠી નિત્ય કર્મથી પરવારી ઘરમાં પવિત્ર જગ્યામાં એક બાજોઠ પર લાલ વસ્ત્ર પાથરી, મારી માતા મેનાવતીની પુત્ર અને પતિ સાથે હાથી ઉપર બેઠાં હોય તેવી સોનાની કે ચાંદીની મૂર્તિ બનાવી સ્થાપિત કરવી. મૂર્તિ ઉપર ધતુરાના પાંચ ફૂલ ચઢાવવાં. ધૂપ–દીપ કરી નૈવેદ્ય ધરાવવું. મૂર્તિ ઉપર સુગંધિત દ્રવ્યો ચઢાવવાં. એકટાણું કરવું.

આ પ્રમાણે આખો પુરૂષોત્તમ મહિનો કરવો. મહિનો પૂરો થતાં વ્રતનું ઉજવણું કરવું. પાંચ દંપતિને સજોડે જમાડવા અને નવા વસ્ત્રો તથા દાન–દક્ષિણા આપી તેમને રાજી કરવા. આ રીતે વ્રત કરવાથી મનુષ્યને કદી દુઃખ, કષ્ટો પડતા નથી. દુઃખનો પડછાયો પણ તેનાથી દુર રહે છે અને અંતકાળે વ્રત કરના દેહ ત્યાંગીને વૈકુંઠની પ્રાપ્તિ કરે છે.'

**મેનાવ્રત જે કરે, તેના કોડ પુરણ થાય,**
**રિદ્ધિ–સિદ્ધિ રહે સેવામાં, દુઃખ, દારિદ્રય દૂર થાય.**

હવે પરમ પ્રભુ શ્રીકૃષ્ણ (પુરૂષોત્તમ) ભગવાનનું સંકીર્તન કરીએ.

**શ્રીકૃષ્ણ નામમાલા**

શ્રીકૃષ્ણ કૃષ્ણ યદુનન્દન કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ મુનિવન્દન કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ મુરલીધર કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ જગદીશ્વર કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ કરુણાકર કૃષ્ણ કૃષ્ણ (ક્રમશઃ)



**સંપાદક : મહેન્દ્ર જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

# અમરેલી : શ્રીમતિ એસ.એચ. ગજેરા શાળાનાં બાળકોનું ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ કલેકટર દ્વારા સન્માન

અમરેલી, તા. ૨



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલનાં વિદ્યાર્થીની બહેનોનું નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા અને બાળ અધિકારીની કચેરી, અમરેલી દ્વારા રમતગમત ક્ષેત્રે નેશનલ કક્ષાએ વિશિષ્ટ સિદ્ધિ બદલ 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના થીમ હેઠળ 'કોફી વિથ કલેકટર' કાર્યક્રમનું સુંદર આયોજન કરી ડીએલએસએસ અમરેલીનાં ૧૦ ખેલાડીઓને મેળવેલ સીધી બદલ કલેકટર દહિયા અજય દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતા.

નોંધનીય છે કે સંસ્થામાં સ્પોટર્સનાં વિશાળ મેદાનો તેમજ નિયમિત પ્રશિક્ષણ મેળવી અનેક બહેનો અને ભાઈઓ ખેલાડી નેશનલ સુધી પહોંચવા અદ્યતન સુવિધાઓ સાથે કોચ, ટ્રેનર તેમજ પી. ટી. શિક્ષકો દ્વારા ખુબ જ મહેનત કરવામાં આવે છે. પ્રમુખનું સર્વાંગી વિકાસનું સપનું આવા સિદ્ધિ પ્રાપ્ત કરતા બાળકો જ સાર્થક કરે છે. ત્યારે સન્માનિત તમામ વિદ્યાર્થિનીઓને સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા અને મેનેજમેન્ટ દ્વારા આ દીકરીઓ ભવિષ્યમાં ખૂબ જ પ્રગતિ કરે શાળા અને દેશનું નામરોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી પ્રોત્ચાહિત કરવામાં આવેલ હતા.

### ''અમરેલી એકસપ્રેસ''નાં અહેવાલની અસર

# કુંકાવાવ પોસ્ટ ઓફિસમાં ગણતરીની મિનિટોમાં જ પ્રિન્ટરની સુવિધા શરૂ

### પોસ્ટનાં ગ્રાહકોએ મીડિયાનો આભાર માન્યો

કુંકાવાવ, તા. ૨

કુંકાવાવની પોસ્ટ ઓફિસમાં પ્રીન્ટર બંધ હોવાના સમાચાર ગઈ કાલે અમરેલી એકસપ્રેસમાં પ્રકાશિત થતાં જ અમરેલી હેડ ઓફિસમાં અઠવાડીયાની અટવાયેલ પ્રીન્ટર મશીન કુંકાવાવ ખાતે ગણતરીની કલાકોમાં મોકલવામાં આવતાં જ ગ્રાહકોએ ખુશી વ્યકત કરીને કુંકાવાવાં પત્રકાર રાજુભાઈ યાદવનો આભાર માન્યો હતો. આમ સત્ય સમાચાર અને લોકોની સાચી સમસ્યાની હેડ ઓફિસે નોંધ લઈને તાત્કાલિક પ્રીન્ટરની વ્યવસ્થા કરવામાં આવતાં હાલની સમસ્યામાંથી કામચલાઉ મુકતી મળી છે. જયારે હવે પછી આવી જરૂરી સુવિધા છાશવારે બંધ ના થાય તેવી કાયમી વ્યવસ્થા થાય તે જરૂરી છે.

# વડિયા અને જંગર ખાતે જિલ્લા પોલીસ સાયબર સેલ દ્વારા સેમિનાર યોજાયો



વર્તમાન ગુગલ ગુરૂનાં સાયબર યુગમાં મોબાઈલ, લેપટોપ અને કમ્પ્યુટરનાં માધ્યમથી લોકો ઈન્ટરનેટનાં માધ્યમથી વિવિધ ક્ષેત્રમાં આધુનિક ટેકનોલોજીનાં ઉપયોગ તરફ વળ્યા છે તો ઈન્ટરનેટ વાપરવામાં કોરોના કાળથી વિદ્યાર્થીઓ પણ કયાંય પાછળ જોવા મળતા નથી. ત્યારે હાલ ઈન્ટરનેટનાં મહાગુરૂ એવા હેકર્સ દ્વારા વિવિધ મેસેજ, લિન્ક, એપ્લિકેશનથી લોકોને લોભામણી જાહેરાતો અને સ્કીમો આપી અનેક પ્રકારની છેતરપિંડી કરી ગુનાઓ આચરતા જોવા મળ્યાં છે. ત્યારે ઘરે ઘરે આ બાબતથી લોકો જાગૃત બને તેવા ઉમદા હેતુથી અમરેલી જીલ્લા પોલીસનાં સાયબર સેલ વિભાગ દ્વારા શાળાઓનાં ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં બાળકોને આ બાબતે પીએસઆઈ ચાવડા અને તેમના સ્ટાફ દ્વારા વિવિધ પ્રકારનાં ગુનાઓ, છેતરપિંડી આચરવાની તરકીબો અને ટીનેજર બાળકોને શોસ્યલ મીડિયામાં ધ્યાનમાં રાખવાની બાબતો પર માર્ગદર્શન આપી જાગૃતતા લાવવા પ્રયાસ રૂપે વડિયાની શ્રી સુરગવાળા હાઈસ્કૂલ ખાતે એક માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં સાયબર ક્રાઈમ અને ટીનેજર બાળકોએ ઈન્ટરનેટ, સોશ્યલ મીડિયા અને યુટયુબ બાબતે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે માર્ગદર્શન અપાયું હતું. તો સામાપક્ષે બાળકોએ જાગૃતતા દાખવવા માટે પોતાના પરિવાર, પડોશી અને સગાસંબંધીઓમાં જાગૃતતા લાવવા માટે કોલ આપ્યો હતો. ત્યારે વર્તમાન સમયમાં સાઈબર ક્રાઈમનું પ્રમાણ વધતાં તે અંગે ભોગ બનતા લોકોને જાગૃત કરવા અમરેલી જિલ્લા પોલીસનાં સાયબર સેલ દ્વારા એક અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હોય તેવું જોવા મળી રહ્યું છે.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા ''આયુષ્યમાન કાર્ડ'' અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે

અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે

ડૉ. પ્રદિપ ઘડુક M.S.જનરલ સર્જન

ડૉ. કાજલ બગડા M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)

- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.

: નોંધ : બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે

## દેશનાં વિપક્ષી I.N.D.I.A. સંગઠનનાં ઘટક પક્ષો આવ્યા મદદમાં

# 'અમરેલી માંગે બ્રોડગેજ' અભિયાનને 'કોંગ્રેસ' અને 'આપ'નું સમર્થન

**શહેરનાં જાગૃત નાગરિકોએ સોશ્યલ મિડિયામાં શરૂ કરેલ અભિયાનને વ્યાપક સમર્થન મળવાનું શરૂ થયું**

**સોશ્યલ મીડિયામાં જાગૃતિ બાદ હવે આવેદનપત્ર પાઠવવા સહિતનાં કાર્યક્રમો શરૂ કરાશે**

**અમરેલીયનો છેલ્લા ૧૫ વર્ષથી ભાજપનાં ઉમેદવારને સાંસદ બનાવતી હોવા છતાં પણ થયો અન્યાય**

**સત્તાધારી પક્ષને આગામી લોકસભાની ચૂંટણીમાં બ્રોડગેજ રેલ્વે અંગે તીખા પ્રશ્નોનો સામનો કરવો પડશે**





ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૨

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે અને કદાચ દેશનું એકમાત્ર જિલ્લા મથક હશે કે જેને બ્રોડગેજ રેલ્વેથી વંચિત રહી ગયું છે કે જાણી–જોઈને વંચિત રખાયું છે તેવા પ્રશ્ન વચ્ચે શહેરનાં જાગૃત્ત નાગરિકોએ શરૂ કરેલ "અમરેલી માંગે બ્રોડગેજ" અભિયાનને સોશ્યલ મીડિયામાં વ્યાપક સમર્થન મળતાં "કોંગ્રેસ" અને "આપ" ધ્વારા પણ સમર્થન જાહેર કરવામાં આવેલ છે.

પ્રારંભિક તબકકે સોશ્યલ મીડિયામાં અભિયાન શરૂ થયું જેને પ્રચંડ સમર્થન મળતાં અભિયાનની શરૂઆત કરનારનાં ઉત્સાહમાં વધારો થયો છે અને જનતા જનાર્દન પણ બ્રોડગેજ માટે તરસી રહી છે તે સાબિત થયું છે. શરૂઆતમાં સોશ્યલ મીડિયામાં અભિયાન શરૂ થયા બાદ હવે આવેદનપત્ર પાઠવવા સહિતની તૈયારી શરૂ થઈ છે.

અમરેલીને આઝાદીનાં ૭૬ વર્ષ બાદ પણ બ્રોડગેજ રેલ્વેની સુવિધા ન મળે તે માટે નેતાઓની નિષ્ક્રીયતા સિવાય અન્ય કોઈ પરિબળ જવાબદાર નથી. દેશમાં છેલ્લા ૯ વર્ષથી ભાજપનું શાસન છે. અમરેલીની જનતા દરેક ચૂંટણીમાં ભાજપ તરફી જબ્બરૂ મતદાન કરતી હોવા છતાં ભાજપ સરકાર જનતાની વ્યાજબી માંગ સંતોષતી નથી અને આગામી ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવારને તીખા પ્રશ્નોનો સામનો કરવો પડશે તેવું લાગી રહ્યું છે.

### માર્ગ મકાન વિભાગ દ્વારા માર્ગ બનાવવામાં ગંભીરતા દાખવવામાં ન આવતા પરેશાની

# સાવરકુંડલામાં અનેક વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થતાં શહેરીજનો પરેશાન, સમસ્યાનું નિરાકરણ કરો

**પાલિકા અને માર્ગ મકાન વિભાગ સંયુકતપણે કાર્યવાહી કરે**



સાવરકુંડલા, તા.૨

સાવરકુંડલા શહેરના મુખ્ય મેઈન બજારમાં વરસાદી પાણી અને ગટરના ગંદા પાણીથી ત્રાહિમામ વેપારીઓ અને રાહદારીઓ ગાય,ગાડી અને ગંદકીથી તેબા પોકારી ઊઠયા છે ને સ્ટેટ હાઈવે દ્વારા બનાવામાં આવેલા માર્ગને કારણે મેઈન બજારના પાણી ભરવવની સમસ્યા અંગે પાલિકા તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરીને કાયમી છુટકારો મળે તેવી વ્યવસ્થા કરે તેવી માંગ ઉઠવા પામી છે.સાવરકુંડલા શહેરની હાર્દ ગણાતા મેઈન બજારમાં અંદર પ્રવેશવાના મુખ્ય દ્વાર સમાન

અનુસંધાન પાના ૬ ઉપર

# હે રામ : નિરાધાર પશુઓનું કલ્યાણ કરો



દામનગર નગરપાલિકાના લોકોને સમય નથી, રસ્તા ઉપરનાં મુક અને નિરાધાર પશુઓ માટે આશ્રયસ્થાન બનાવવાનું. રસ્તે રઝળતા અને પોતાનું પેટ ભરવા અહી–તહી ભટકતાં મુક પશુઓની હાલત જોઈને તંત્રનાં પેટનું પાણી કયાંથી હલે, કેમકે વિકાસનાં રંગમાં રંગાઈ ગયા હશે..!! અદાલતે રઝળતા પશુઓના મુદ્દે સરકાર અને સત્તાધીશોની જાટકણી કાઢી છે. છતાં યોગ્ય કાર્યવાહી કરતી નથી.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

॥ ભાવાંજલિ ॥
સ્વ. બાલાભાઈ નાજભાઈ માંજરીયા
સ્વ.તા.૩૦-૦૭-૨૦૨૩, રવિવાર.
ઈશ્વર કૃપાથી મળેલા અતિ મૂલ્યવાન દેહને, આપ સાર્થક કરીને આપની ઓચિંતી સ્વર્ગપરાયણ હોટથી અમો અતિ દુઃખની લાગણી વ્યક્ત કરીએ છીએ. આપના દ્વારા ન માત્ર પરિવાર પરંતુ સામાજીક સમગ્ર માનવ સમાજ માટે કરેલા કાર્યો ભૂલી શકાય તેમ નથી. આપમાંથી અમોને સદાય પ્રેરણા મળતી રહેશે. આપના પરોપકારી તત્પર પવિત્ર આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના....
લી.
મહેન્દ્રભાઈ જે. ભીમજીયાણી
જીવનભાઈ ટી. હિંગુ
રતિભાઇ એમ. જાદવ
રમાબેન આર. જાદવ

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જીવનમાં 2 વસ્તુ વ્યક્તિને દુઃખી કરે છે.
1 જીદ 2 અભિમાન
જીવનમાં 2 વસ્તુ વ્યક્તિને સુખી કરે છે.
1 Let Go 2 Compromise
95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

LG
કોઈપણ પ્રોડક્ટની ખરીદી પર મેળવો ચોક્કસ ગીફ્ટ
Welcome Monsoon
ધમાકેદાર મોન્સુન ધોધમાર ઓફર
₹1 EMI Free
0 Down Payment
26% Cashback
Fixed EMI 888
Front Load Washing Machine
Same Day Delivery
Top Load Washing Machine
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી। મો. 99 74 77 23 77

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)